### વન વિભાગે હાથ ધરેલી કામગીરીમાં દીપડાનું સફળ રેસ્કયુ

# ધારીનાં નબાપરા વિસ્તારમાંથી આખરે ખુંખાર દીપડો પાંજરે પુરાયો

## ૨૦ દિવસમાં ત્રણ દીપડાને પાંજરે પુરાતા લોકોમાં રાહત



અમરેલી, તા. ૧૫

ધારી તાલુકાના નબાપરા વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી આતંક મચાવતો અને માણસો પાછળ દોડતો ખુંખાર દીપડો આજે વહેલી સવારે વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં સપડાયો હતો. નબાપરાની સીમમાંથી દીપડાનું સફળ રેસ્કયુ કરવામાં આવતા વીસ દિવસમાં ત્રીજો દીપડો પાંજરે પુરાયો છે, જેના કારણે વિસ્તારમાં રાહતનો માહોલ છવાયો છે.

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના નબાપરા વિસ્તાર માટે આજે વહેલી સવાર રાહતના સમાચાર લઈને આવી હતી. છેલ્લા ઘણા દિવસોથી વિસ્તારમાં આતંક મચાવતો અને લોકો પાછળ દોડતો ખુંખાર દીપડો આખરે વન વિભાગની ટીમની જાળમાં ફસાઈ પાંજરે પુરાયો હતો. વન વિભાગ દ્વારા ગોઠવાયેલા પાંજરામાં દીપડો સપડાતા સ્થાનિકોમાં રાહતની લાગણી પ્રસરી ગઈ હતી.

મળતી માહિતી મુજબ નબાપરા વિસ્તાર અને તેની આસપાસની સીમમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની સતત અવર જવર જોવા મળી રહી હતી. દીપડો ખેડૂતો, રાહદારીઓ અને વાહનચાલકો માટે ભયનું કારણ બન્યો હતો. અનેક વખત દીપડાએ માણસો તરફ દોડવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ સ્થાનિકોએ વન વિભાગને જણાવ્યું હતું. જેના આધારે વન વિભાગે સતત મોનિટરિંગ શરૂ કર્યુ હતું.

વન વિભાગની ટીમે નબાપરાની સીમ વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ પાંજરા ગોઠવી દીપડાની હિલચાલ પર નજર રાખી હતી. આજે વહેલી સવારે દીપડો પાંજરામાં સપડાતા અધિકારીઓ અને સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. બાદમાં દીપડાને સુરક્ષિત રીતે લઈ જઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મહત્વની બાબત એ છે કે છેલ્લા વીસ દિવસમાં આ જ પંથકમાંથી વન વિભાગે ત્રણ દીપડાને પાંજરે પૂરવામાં સફળતા મેળવી છે. દીપડાની વધતી હિલચાલને ધ્યાનમાં રાખીને વન વિભાગે સઘન પેટ્રોલિંગ અને રેસ્કયુ કામગીરી હાથ ધરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે માનવ વસાહતની નજીક આવતાં જંગલી પ્રાણીઓ અંગે લોકો સતર્ક રહે અને કોઈ પણ પ્રકારની હિલચાલ જણાય તો તરત જ વન વિભાગને જાણ કરે.

ખુંખાર દીપડો પાંજરે પુરાતા નબાપરા વિસ્તારના ગ્રામજનોમાં હાશકારો જોવા મળ્યો હતો. ખાસ કરીને વહેલી સવારે પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકોમાં હવે ભયનું વાતાવરણ ઓછું થયું છે. સ્થાનિકોએ વન વિભાગની ત્વરિત કામગીરીની પ્રશંસા કરી હતી.

### પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાથી કાર્યવાહી કરવામાં આવી

# રાજુલાનાં બીડી કામદાર વિસ્તારમાંથી એસ.ઓ.જી.એ રૂપિયા ૨.૫૦ લાખની કિંમતનો ગાંજો ઝડપી લીધો

## આરોપી મથુરભાઈ શિયાળ (ઉ.વ. ૬૦)ની અટકાયત કરવામાં આવી



અમરેલી, તા. ૧૫

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેચાણ કરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં આપેલ હોય. જે અન્વયે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેકટર બી.જી. ઈશરાણીની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમિયાન ખાનગીરાહે બાતમી હકીકત આધારે બીડી કામદાર વિસ્તાર ખાતે રહેતા મથુરભાઈ ધૈયાભાઈ શિયાળ પાસેથી સુકા ગાંજાનો જથ્થો ૫.૦૦૩ કિ.ગ્રા. સાથે રેઈડ દરમ્યાન ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

આ બનાવમાં અમરેલી જિલ્લાના રાજુલા ગામે બીડી કામદાર વિસ્તારમાં રાજુલા–સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર રહેતા મથુરભાઈ ધૈયાભાઈ શિયાળ નામના ૬૦ વર્ષીય વૃદ્ધ ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાર્થ સુકા ગાંજાનું વેચાણ કરતો હોય તેવી બાતમી અમરેલી એસ.ઓ.જી. પોલીસને મળતા પોલીસે આજે વહેલી સવારે બાતમીવાળા સ્થળે દરોડો કરી આરોપી મથુરભાઈ ધૈયાભાઈ શિયાળને ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાર્થ સુકા ગાંજો જેનુ ચોખ્ખુ વજન ૫.૦૦૩ કિ.ગ્રા જેની કિંમત રૂપિયા ૨,૫૦,૧૫૦નો નાર્કોટીકસ પદાર્થનો જથ્થો તથા સફેદ વિમલ પાન મસાલા લખેલ કાપડનો થેલો નંગ–૧ તથા ડીજીટલ વજન કાંટો નંગ–૧ કિંમત રૂપિયા ૫૦૦ મળી કુલ રૂપિયા ૨,૫૦,૬૫૦ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ તથા સુરત રહેતા અજાણ્યો આરોપી નહિ પકડાઈ જઈ ગુનો કરેલ. આ બંને આરોપીઓ વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એકટ કલમ ૮(સી), ૨૦(બી) II(બી), ૨૯ મુજબ કાયદેસર થવા વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં વેચાણ કરવા સબબ રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# રાજકોટ પંથકનાં 3 ક્રિમીનલ ટાર્ગેટ કેસમાં ૧૦ વર્ષથી નાસતા–ફરતા આરોપીની અટકાયત

## બાબરાનાં ખાનપર ગામેથી આરોપીને ઝડપી લેવાયો



અમરેલી, તા. ૧૫

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓ તેમજ કોર્ટોના ક્રિમીનલ ટાર્ગેટ કેસોના વોરંટના આરોપીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સૂચના આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે ચીફ જયુડી. મેજી. ધારીની કોર્ટના ક્રિમીનલ કેસ નંબર ૩૩૨/૨૦૧૫, ૩૩૩/૨૦૧૫, ૩૪૨/૨૦૧૫ એક કુલ ત્રણ ક્રિમીનલ ટાર્ગેટ કેસોના પકડ વોરંટોમાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતા ફરતા રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના પાંચવડા ગામની સીમમાં રહેતા આરોપીને મનોજભાઈ ઉર્ફે મુન્નો લાલજીભાઈ વાઘેલાને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે બાબરા તાલુકાના ખાનપર ગામની સીમમાંથી પકડી પાડી, ધારી કોર્ટ હવાલે કરવા સારૂ આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

### ડોર ટુ ડોર પાણીની પાઈપલાઈન તો લગાવી પણ ગટરની પાઈપલાઈન ન લાગતા

# લ્યો બોલો : અમરેલીમાં કારનાં શોરૂમ પાછળ રહેણાંક મકાનની ગટરનાં પાણીનો ભરાવો થયો

## પાલિકાનાં આરોગ્ય વિભાગે ગંદા પાણીની સમસ્યા દૂર કરવી જરૂરી





અમરેલી, તા. ૧૫

અમરેલીનાંવિકસિતવરસડા માર્ગ ઉપર આવેલ કારનાં શો–રૂમની પાછળનાંભાગેરહેણાંકવિસ્તારઆવેલ હોય અને ત્યાંથી નીકળતાં ગંદા પાણીનોયોગ્યરીતેનિકાલનથતાંગંધાતા પાણીનોભરાવોથતાંજનઆરોગ્યઉપર ગંભીરખતરોઉભોથયોછે.

વરસડા માર્ગ ઉપર ધરમનગરસહિતનાંવિકસતાવિસ્તારમાં ડોર ટુ ડોર પીવાના પાણીની પાઈપલાઈન તો લાગવી દેવાઈ પરંતુ ગટરનાં પાણીનાં નિકાલ માટેની પાઈપલાઈનલગાવવાનુંભૂલીજવાયુંછે કે પાઈપલાઈનમાં લિકેજ છે તે અંગે પાલિકાનાં આરોગ્ય વિભાગે સ્થળ પરીક્ષણ કરીને જે કોઈ સમસ્યાથી ગંદા પાણીનોભરાવોથયોછે તેનુંનિરાકરણ કરીને ગંદા પાણીનો નિકાલ કરવો જોઈએ. જેથી, જનઆરોગ્ય ઉપરનો ખતરો દૂર થઈ શકે.

### અગાઉ માત્ર ૬ ઇંચ જેટલો જ વરસાદ

# બાબરા પંથકમાં વરસાદ ખેંચાઈ જતાં ખેડુતોમાં ચિંતાનો માહોલ

## મગફળીનાં પાક ઉપર સંકટનાં વાદળ છવાયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૫

બાબરા પંથકમાં ચોમાસાની શરૂઆત આશાસ્પદ રહી હતી, પરંતુ ત્યારબાદ વરસાદ લાંબો વિરામ લેતાં સમગ્ર પંથકના ખેડૂતોની ચિંતા વધી છે. અમરેલી જિલ્લામાં સૌથી ઓછો માત્ર અંદાજે ૬ ઈંચ વરસાદ બાબરા તાલુકામાં નોંધાતા ખેતી પર તેની સીધી અસર જોવા મળી રહી છે. તળાવો, ચેકડેમો, ડેમ અને કાળુભાર નદીમાં નવા નીરની આવક થઈ નથી, જેના કારણે સિંચાઈ માટે પાણીની ગંભીર અછત સર્જાઈ છે અને ખરીફ પાક જોખમમાં મુકાયો છે.

બાબરાના ખેતી નિષ્ણાત દિનેશભાઈ પોકિયાએ જણાવ્યું હતું કે બાબરા તાલુકામાં મગફળી કપાસ અને સોયાબીનનું વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં આવે છે જેમાં તાલુકામાં સૌથી વધુ ખેડૂતો મગફળીનું વાવેતર કરે છે અને બીજા નબરે કપાળ અને અમુક ટકા ખેડૂતો સોયાબીનનું વાવેતર કરે છે સોમાસાના પ્રારંભમાં સારો વરસાદ પડતાં ખેડૂતોમાં આશાનું વાતાવરણ સર્જાયું હતું અને મગફળી, કપાસ તથા સોયાબીનનું વાવેતર મોટા પાયે પૂર્ણ થયું હતું. પરંતુ પાકના વિકાસના મહત્વના તબક્કે વરસાદ ખેંચાઈ જતાં મોંઘા બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ અને મજૂરી પાછળ કરેલો ખર્ચ હવે જોખમમાં મુકાયો છે. વરસાદના અભાવે ખેતરોમાં પાક પર માઠી અસર દેખાવા લાગી છે.

પોકિયાના જણાવ્યા મુજબ બાબરા પંથકમાં સૌથી વધુ મગફળીનું વાવેતર થયું છે. મગફળી ટૂંકા ગાળાનો પાક હોવાથી આ સમયે પાણી અત્યંત જરૂરી છે. જયારે કપાસ લાંબાગાળાનો પાક હોવાથી આગામી દિવસોમાં વરસાદ થાય તો તેને થોડો ફાયદો થઈ શકે છે. હાલ જેમની પાસે કૂવા, બોરવેલ અથવા અન્ય સિંચાઈની સુવિધા છે તેવા ખેડૂતો પિયત શરૂ કરી ચૂકયા છે, જયારે વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો હજુ પણ વરસાદની રાહ જોઈ રહ્યા છે.

અમરેલી જિલ્લામાં સૌથી ઓછો વરસાદ બાબરા તાલુકામાં નોંધાયો છે. શહેરની કાળુભાર નદી હજુ પણ સૂકી છે. રામપરા અને મેલડીમાંના તળાવોમાં પણ નવા નીરની આવક થઈ નથી. જેના કારણે પિયત માટે પાણી મેળવવું મુશ્કેલ બન્યું છે અને અનેક ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

ખેતી નિષ્ણાતોનું માનવું છે કે આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો ખાસ કરીને મગફળીના પાકને ભારે નુકસાન થઈ શકે છે. ઉત્પાદન ઘટવાની સાથે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી શકે છે. હાલ સમગ્ર બાબરા પંથકના ખેડૂતોની નજર આકાશ તરફ છે અને સમયસર વરસાદ થાય તેવી અપેક્ષા વ્યકત કરી રહ્યા છે.

### જાફરાબાદનાં લુણસાપુર ગામે આવેલ

# સિન્ટેક્ષ કોલોનીમાં રહેતા પરપ્રાંતિય સુપરવાઈઝર સાથે રૂપિયા ૯.૫૫ લાખની છેતરપીંડી

## જુદા–જુદા બેન્કોનાં માધ્યમથી ઓનલાઈન ફ્રોડની ફરિયાદ

અમરેલી, તા. ૧૫

ઉત્તરપ્રદેશના વતની અને હાલ જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે આવેલ કે–૪૦૩ સિન્ટેક્ષ કોલોનીમાં રહેતા અને સિન્ટેક્ષ કંપની લુણસાપુરમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા અનીલકુમાર રમેશચંદ્ર શાહૂ નામના ૪૦ વર્ષીય યુવકને ગત તા. ૨૧/૧/૨૬ થી તા.૪/૫/૨૬ દરમીયાન કોઈ અજાણ્યા વ્યકિતએ ફેસબુક એપ્લીકેશનમાં એડ મારફતે મો. નં. ૬૩૦૯૦૦૬૪૧૪ વાળાએ સ્ટોક માર્ટેકમાં શીખવા માટે અને નફા વાળા શેર ટ્રેડીંગ કરવા માટે એ૧૧૬૫ Samco Trading Learning Group નામના વોટસએપ ગ્રુપમાં એડ કરાવી, વોટ્સએપ ગ્રુપમાં તથા મો.નં.૬૩૦૯૦૦૬૪૧૪ વાળા સાથે પર્સનલમાં તથા વોટસએપ કોલમાં વાતચીત કરી, યુવકના જુદા જુદા બેંક એકાન્ટમાંથી તા. ૨૧/૧/૨૬ થી તા. ૧૮/૪/૨૬ દરમીયરન જુદી જુદી બેંકો જેમાં (૧) Shree Sai construction (BANK OF INDIA) ખાતા નં. ૭૦૦૬૨૦૧૧૦૦૦૦૨૭૦માં રૂપિયા ૩૧,૦૦૦ તથા D.K. Traders (YES BANK) ખાતા નં. ૦૩૧૦૮૯૪૦૦૦૦૦૭૧૬માં રૂપિયા ૬૨,૦૦૦ તથા Istiaque online store (YES BANK) ખાતા નં. ૧૨૨૮૬૧૯૦૦૦૦૨૬૫૭માં રૂપિયા ૨૫,૦૦૦ તથા Mahakal enterprises (KOTAK MAHINDRA BANK) ખાતા નં. ૯૧૫૦૨૪૨૨૧૬માં રૂપિયા ૨,૨૫,૦૦૦ તથા M.S.R.K. Enterprises (BANDHAN BANK) ખાતા નં. ૨૦૧૦૦૦૭૭૧૭૦૪૬૯ માં રૂપિયા ૧૧,૦૦૦ તથા MADEEY FOOTCARE (BANK OF INDIA) ખાતા નં. ૭૨૭૩૨૦૧૧૦૦૦૦૪૩૦માં રૂપિયા ૧,૦૧,૦૦૦ તથા Santosh Kumar (HDFC) ખાતા નં. ૫૦૧૦૦૪૯૩૪૦૬૧૬૫માં રૂપિયા ૫,૦૦,૦૦૦ માં કટકે કટકે કરી કુલ રૂ.૯,૫૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી reliance industries Limited FPO સબસ્કરાઈબ કરાવી, Samco Securities limited એપ્લી.માં યુવકના એકાઉન્ટમાં માઈનસ દશ લાખ દેખાડી યુવકનુ એકાઉન્ટ ફ્રીજ કરી વધુ રૂપીયા દશ લાખ નાખવાની ધમકી આપી મો. નં. ૬૩૦૯૦૦૬૪૧૪વાળાનું વોટસએપ તથા એ૧૧૬૫ Samco Trading Learning Group વોટ્સએપ ગ્રુપ તથાSamco Securities limited નામની એપ્લીકેશન બંધ કરી દઈ યુવક સાથે ઠગાઈ કરી ઓનલાઈન સાયબર ફ્રોડ કરેલ કરી ગુનો કર્યાની BNS ક. ૩૧૮(૪), ૩૧૯(૨), ૩૫૧(૨) તથા આઈ.ટી એકટ ક. ૬૬(સી), ૬૬ (ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં જન્મદિન નિમિત્તે

# અમરેલી ખાતે વોર્ડ–3માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

## પાલિકાનાં સદસ્યો દ્વારા પ્રેરણાદાયી કાર્ય



અમરેલી, તા. ૧૫

અમરેલીનાં વોર્ડ નં. ૩માં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં જન્મદિનની ઉજવણી અંતર્ગત પાલીકાનાં ભાજપનાં સદસ્યોએ વૃક્ષારોપણનુ પ્રેરણારૂપ કાર્ય કર્યુ હતું.

આ તકે નગરપાલીકા સદસ્ય એવા નિખિલભાઈ આશર, પ્રતિનિધિ દેવરાજભાઈ બાબરીયા, પ્રતિનિધિ સમીરભાઈ જાની, પ્રવિણભાઈ બારૈયા, રોહિતભાઈ રાઠોડ, તુલશીભાઈ મકવાણા, આરતીબેન અટારા, જયાબેન બારૈયા ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

### અંગત અદાવતમાં હત્યાની આશંકા

# નાની ધારી ગામનાં જયરાજભાઈ ધાખડા નામના યુવકની હત્યા

## સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી



મૃતકની ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાના નાની ધારી ગામે આજે સાંજે અંગત અદાવતમાં એક યુવકની કરપીણ હત્યા થયાની ઘટના બની છે. મૃતક યુવક નાની ધારી ગામના રહેવાસી જયરાજભાઈ ધાખડા હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં જ ખાંભા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાની ધારી ગામે આજે સાંજે હત્યાની ઘટનાથી ગામમાં ચકચાર મચી ગઈ છે.

બિનસત્તાવાર પ્રાથમિક માહિતી મુજબ નાની ધારી ગામે રહેતા ૨૫ થી ૩૦ વર્ષના જયરાજભાઈ ધાખડા નામના યુવકની કોઈ અંગત અદાવતનાં કારણે હત્યા કરવામાં આવી છે. હુમલાખોરોએ કયા હથિયાર વડે હુમલો કર્યો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

બનાવની જાણ થતાં જ ખાંભા પોલીસનો કાફલો તાત્કાલિક નાની ધારી ગામે દોડી ગયો હતો. પોલીસે ઘટના સ્થળની મુલાકાત લઈને પ્રાથમિક તપાસ શરૂ કરી છે.

મૃતદેહને કાયદેસરની કાર્યવાહી માટે પોસ્ટમોર્ટમ અર્થે ખાંભા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. પોલીસ ધ્વારા મૃતકના પરિવારજનોના નિવેદન લઈને ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

હાલ પોલીસ આ મામલે અંગત અદાવતનાં તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને આરોપીઓને શોધવા માટે તપાસ તેજ બનાવી છે. ગામમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## જુના સાવર નજીકથી રોયલ્ટી પાસ વગર પસાર થતું ડમ્પર ઝડપી લેવાયું

# સાવરકુંડલા પંથકમાં ખનિજ માફિયાઓ સામે મામલતદારની લાલ આંખ

**અંદાજિત ૨૦ ટન રેતી ભરીને નીકળેલ ડમ્પરને કબ્જે કરી નિયમાનુસાર કાર્યવાહી શરૂ કરાઈ**

**સમગ્ર પંથકમાંથી થતી ખનિજ ચોરીને ઝડપવા માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી**

**આગામી દિવસોમાં ખનિજ માફિયાઓ સામે કાર્યવાહી કરાશે : મામલતદાર**

**અમરેલી જિલ્લામાં ખનિજ તત્વોની ચોરી સામે તંત્રએ લાલ આંખ કરતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ**




અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં છેલ્લા એક દાયકા કરતાં પણ વધુ સમયથી થતી ખનિજ તત્વોની ચોરી સામે તંત્રએ લાલ આંખ કરી છે અને આ માટે ખાસ ટાસ્ક ફોર્સની રચના પણ કરી દેવામાં આવી છે.

દરમિયાનમાં આજે સાવરકુંડલાનાં મામલતદાર સુરેશ દેસાઈએ જુના સાવર ગામ નજીકથી પસાર થતાં રેતી ભરેલ ડમ્પરની તલાસી લેતા ૨૦ ટન રેતી ભરેલ ડમ્પર ચાલક પાસે રોયલ્ટી પાસ ન હોવાથી ડમ્પરને ઝડપી લઈને ખાણ ખનિજ વિભાગને જાણ કરેલ છે.

આ અંગે મામલતદારે જણાવ્યું કે, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજની સુચનાથી રેતી ચોરી સામે કાર્યવાહી કરવા સિંચાઈ, માર્ગ–મકાન સહિતનાં વિભાગોની ટીમની રચના કરવામાં આવી છે અને ખનિજ તત્વોની ચોરી સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

### અનાજ અને ખાતરમાં ફાયદો કરાવવાનું કહીને

# રાજુલાનાં રામપરા–ર ગામનાં ખેડૂત સાથે રૂપિયા ૫૦ હજારની છેતરપીંડી

**ગુગલ પે થી રૂપિયા મંગાવી માલ ન આપતા ફરિયાદ**

અમરેલી, તા. ૧૫

રાજુલા તાલુકાના રામપરા–ર ગામે રહેતા એક ખેડુતને કોઈ અજાણ્યા શખ્સોએ મહુવા ગામે રહેતા હોવાની ઓળખ આપી વિસમાં લઈ અને આરોપીએ અનાજ, ખાતર વેંચવા માટે જણાવેલ હતું અને વેચાણમાં એક બોરી દીઠ રૂપિયા ૧૫૦નો ફાયદો થશે તેવી લાલચ આપી અને ખેડૂતને ૩૦૦ બોરીઓ ખાતર તથા અનાજ પહોંચાડવા માટે તથા મજુરી તેમજ ગાડીના ભાડા પેટે કુલ રૂપિયા ૫૦,૦૦૦ની જરૂર પડશે. તેમ કહી ગુગલ પે થી રૂપિયા મંગાવી લઈ ખેડૂતને ખાતર તથા અનાજનો માલ નહી આપી ખેડૂત સાથે રૂપિયા ૫૦,૦૦૦ની છેતરપીંડી ઓનલાઈન સાયબર ફ્રોડ કાર્યની ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૩૧૮(૪), ૫૪ તથા આઈટી એકટ કલમ ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

રાજુલા તાલુકાના રામપરા–ર ગામે રહેતા શીવાભાઈ નાજાભાઈ વાઘ નામના ૩૭ વર્ષીય ખેડુતને મોબાઈલ નં. ૭૬૯૮૬૬૬૫૫૫ ઉપરથી મહુવા ગામે રહેતા આરોપી રાઘવભાઈ ભુવાના નામથી ઓળખ આપી ખેડૂતના મો. નં. ૯૯૦૪૯ ૪૪૩૧૬માં ફોન કરી અને કહેલ કે પોતે રામપરા–ર ગામે આવેલ બગીચાની શાળાએ ભણેલ છે અને આશ્રમના સંતને સારી રીતે ઓળખતો હોય. જેથી ખેડૂતને આ આરોપી રાઘવ જાણીતો લાગતા ખેડૂતને વિસમાં લઈ અને આ આરોપીએ ખેડૂતને અનાજ, ખાતર વેંચવા માટે જણાવેલ હતું અને વેચાણમાં એક બોરી દીઠ રૂપિયા ૧૫૦નો ફાયદો થશે તેવી લાલચ આપી અને ખેડૂતને ૩૦૦ બોરીઓ ખાતર તથા અનાજ પહોંચાડવા માટે તથા મજુરી તેમજ ગાડીના ભાડા પેટે કુલ રૂપિયા ૫૦,૦૦૦ની જરૂર પડશે અને તે પૈસા એડવાન્સમાં નાખવાનુ કહી આરોપીએ તેના મિત્ર આરોપી નં. ૯૭૭૩૪ ૪૯૪૧૨ થી વાત કરાવનાર વ્યકિતના ગુગલ પે આઈ.ડી. નં. vijaybhais215@oksbi (એસબીઆઈ બેંક ખાતા ધારક વિજયકુમાર રણછોડભાઈ ધોબી) ના ખાતામાં ખેડૂતે એસબીઆઈના સેવીંગ બેન્ક એકાઉન્ટ નં. ૬૬૦૧૯૦૪૫૩૧૭ના ગુગલ પે થી રૂપિયા ૫૦,૦૦૦ પે કરાવી ઉપરોકત બન્ને મોબાઈલ નંબરથી વાત કરનાર આરોપીઓએ એકબીજાએ મીલાપીપણુ કરી ખેડૂતને વિસમાં લઈ ખાતર તથા અનાજનો માલ નહી આપી ખેડૂત સાથે રૂપિયા ૫૦,૦૦૦ની છેતરપીંડી ઓન લાઈન સાયબર ફ્રોડ કર્યાની ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૧૮(૪), ૫૪ તથા આઈટી એકટ કલમ ૬૬(ડી) મુજબ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### બગસરાનાં આધેડે આર્થિક સંકડામણથી ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

# અમરેલી જિલ્લામાં છેલ્લા ર૪ કલાકમાં ગળાફાંસો, સર્પદંશ અને ઝેરી દવા પી લેવાથી અપમૃત્યુનાં 3 બનાવો નોંધાયા

**સાવરકુંડલામાં પરિણીતાએ સંતાન ન હોવાથી ઝેરી દવા પી લીધી, કેરાળા ગામનાં તરૂણનું સર્પદંશથી મોત નિપજ્યુ**

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અલગ અલગ ત્રણ બનાવમાં એક આધેડ, એક તરૂણ અને એક મહિલાનાં મોત નિપજયાનું જે તે પોલીસ સ્ટેશનમાં જાહેર થતાં સ્થાનિક પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં બગસરા ગામે આવેલ ઉગમણો વાસ વિસ્તારમાં રહેતા પ્રફુલભાઈ મુળજીભાઈ રાખશીયા નામના ૪૯ વર્ષિય આધેડને આર્થિક સંકડામણ રહેતી હોય. જેથી પોતાને લાગી આવતા ગત તા. ૧૪નાં રોજ બપોરના આશરે સાડા અગીયારેક પહેલા કોઈપણ સમયે પોતે પોતાની મેળે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના કેરાળા ગામે અમૃતભાઈ કુરજીભાઈ બોઘાણીની વાડીએ રહેતા રતનભાઈ નરૂભાઈ બામનીયા નામના ૧૬ વર્ષિય તરૂણને ગત તા. ૧૨ નાં રોજ વ્હેલી સવારનાં આશરે ચારેક વાગ્યાના સમયે કેરાળા ગામે જમણા ખભાના ભાગે ઝેરી સાપ કરડી જતાં તરૂણનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા ગામે આવેલ જુના ગાધકડા રોડ મોમાઈ માતાજીના મંદિર પાસે આવેલ કેશવધામ સોસાયટીમાં રહેતા દક્ષાબેન કેતનભાઈ મારૂ નામની ૩૮ વર્ષિય મહિલાના લગ્નને ૧૦ વર્ષ જેટલો સમય થઈ ગયેલ હોવા છતાં તેમને કોઈ સંતાન ન હોય, દવા લેવા છતાં સંતાન થતું ન હોય. જે વાતનું મનમાં લાગી આવતા ગત તા. ૧૩નાં આશરે બપોરે ૩ વાગ્યાના સમયે સાવરકુંડલા ગામે ઘઉંમાં નાખવાનો પાઉડર પી જવાથી તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com















### હૈયે હરખ ન સમાય તેવી રૂડી અષાઢી બીજ આવી પહોંચી

# આજે નગરચર્યાએ નીકળશે જગતનો નાથ; ૧૪૯મી રથયાત્રા માટે અમદાવાદ સજ્જ

### અમદાવાદમાં યોજાનારી ૧૪૯મી રથયાત્રાને લઈ ભક્તિમય માહોલ છવાયો છે : પ્રભુના સોના વેશના દર્શન કરવા જમાલપુર મંદિરે ભક્તોનું ઘોડાપૂર

અમદાવાદ, તા.૧૫

હૈયે હરખ અને આંખોમાં હેતની હેલી... અષાઢી બીજની એ પાવન સવાર, જ્યારે જગતનો નાથ સ્વયં ભક્તોના દુઃખ હરવા નીજ મંદિર છોડીને નગરે નીકળશે. અમદાવાદની ઐતિહાસિક જમાલપુર નગરીમાં કાલે ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણની ૧૪૯મી રથયાત્રા પ્રસ્થાન કરવા જઈ રહી છે. પ્રભુ જગન્નાથની સાથે બહેન સુભદ્રાજી અને ભાઈ બલભદ્રજી પણ અલગ-અલગ રથમાં સવાર થઈને નગરચર્યાએ નીકળશે. ભગવાન સ્વયં ભક્તોને સાક્ષાત દર્શન આપવા માટે આવી રહ્યા છે ત્યારે સમગ્ર મહાનગરમાં અત્યારે એક અનોખો ભક્તિમય માહોલ છવાયો છે. વર્ષમાં એક જ એવો દિવસ આવે છે જ્યારે જગતના નાથ સ્વયં પોતાના સિંહાસન પરથી ઊતરીને ભક્તોના ઘરે ભક્તોના દ્વારે ભક્તોના હૃદય સુધી પહોંચવા નગરચર્યાએ નીકળે છે. ગુરૂવારે અમદાવાદ ફરી એકવાર આ અલૌકિક ક્ષણોનો સાક્ષી બનશે.

જમાલપુરનું ૪૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન જગન્નાથ મંદિર આજે ભક્તિથી ધબકી રહ્યું છે. ભગવાનના નીજ મંદિરમાં સોના વેશના દિવ્ય દર્શન કરવા માટે ભક્તોની અવિરત ભીડ ઉમટી રહી છે. સોનાના અલંકારોથી શોભતા મહાપ્રભુના મુખારવિંદ પરનું દિવ્ય સ્મિત જાણે દરેક ભક્તને આશીર્વાદ આપી રહ્યું હોય એમ લાગે છે. માન્યતા છે કે અષાઢી બીજના દિવસે મહાપ્રભુના દર્શન કરનાર ભક્તના જીવનમાંથી દુઃખો દૂર થાય છે અને સુખ-સમૃદ્ધિના દ્વાર ખુલ્લા થાય છે.
ગુરૂવારે જે રથોમાં બિરાજીને મહાપ્રભુ નગરવિહાર કરશે તે ત્રણેય રથોની પ્રતિષ્ઠા અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજનવિધિ પૂર્ણ થઈ ચૂકી છે. નંદીઘોષમાં મહાપ્રભુ જગન્નાથજી તાલધ્વજમાં બલભદ્રજી અને દર્પદલન રથમાં બહેન સુભદ્રાજી બિરાજમાન થશે.

માત્ર રથો જ નહીં સમગ્ર મંદિર પણ જાણે સ્વર્ગ સમું શણગારાયું છે. પાંચ હજારથી વધુ ફૂલોથી મંદિરને સુશોભિત કરવામાં આવ્યું છે. ઓર્કિડ લીલિયમ સેવંતી જીપ્સોગલગોટા અને સૂર્યમુખીના રંગો સાથે અશોકના પાન અને કામિનીની હરિયાળી મંદિરની દિવ્યતાને અનેકગણી વધારી રહી છે. દરેક ખૂણેથી ભક્તિની સુગંધ પ્રસરી રહી છે.દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાપ્રભુને વિશેષ પ્રસાદ અર્પણ કરીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી છે. મગ, જાંબુ, કાકડી, કેરી, દાડમ, ડ્રાયફ્રૂટ અને ચોકલેટ સહિતનો પ્રસાદ મંદિર પહોંચ્યો છે. મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે, ભલે પ્રધાનમંત્રી વ્યસ્તતાના કારણે ઉપસ્થિત રહી શકતા ન હોય પરંતુ મહાપ્રભુ પ્રત્યેની તેમની આસ્થા દર વર્ષે પ્રસાદના રૂપમાં જરૂર પહોંચે છે. એટલું જ નહીં આગામી વર્ષે યોજાનારી ઐતિહાસિક ૧૫૦મી રથયાત્રા માટે તેમને વિશેષ આમંત્રણ પણ પાઠવવામાં આવશે.

રથયાત્રાની પૂર્વસંધ્યાએ રાજકીય આગેવાનો પણ મહાપ્રભુના ચરણોમાં નતમસ્તક થયા. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, શક્તિસિંહ ગોહિલ સહિતના નેતાઓએ ભગવાનના દર્શન કરીને આરતી અને પૂજનવિધિમાં ભાગ લીધો. આસ્થા સામે રાજકારણ પણ નતમસ્તક બનતું દૃશ્ય મંદિર પરિસરમાં જોવા મળ્યું.

બીજી તરફ લાખો ભક્તોની સુરક્ષા માટે પોલીસ તંત્ર પણ સંપૂર્ણ એલર્ટ છે. મંદિર પરિસરથી લઈને સમગ્ર યાત્રામાર્ગ સુધી ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. BDDSની ટીમે મંદિર અને આસપાસના વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે વહેલી સવારે મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે. તો મંદિરનો લાડકો શ્વાન 'બડી' પણ મહાપ્રભુને નતમસ્તક થઈ ભક્તિનું અનોખું દૃશ્ય સર્જતો જોવા મળ્યો.
હવે બસ થોડા કલાકોની જ રાહ છે. શંખનાદ ગુંજશે નગારા વાગશે અને જય જગન્નાથના જયઘોષથી આખું અમદાવાદ ગુંજી ઊઠશે અને જ્યારે મહાપ્રભુનો રથ આગળ વધશે ત્યારે માત્ર રસ્તાઓ જ નહીં પરંતુ લાખો ભક્તોના હૃદયો પણ ભક્તિથી છલકાઈ ઊઠશે. કારણ કે આ માત્ર એક યાત્રા નથી. આ છે આસ્થા, પરંપરા, સમરસતા અને ભક્તિનો મહોત્સવ જ્યાં ભગવાન સ્વયં પોતાના ભક્તોને મળવા તેમના દ્વારે આવે છે.

### ફરી એકવાર ચોમાસુ વધુ તીવ્ર બનવાની તૈયારી

# ૨૨ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી

### આજે બિહારમાં અને ઉત્તરપૂર્વ ભારત, છત્તીસગઢ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં આવતીકાલ સુધી ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા.૧૫

હવામાન વિભાગે આજે ઓડિશામાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.હવામાન વિભાગે આજે બિહારમાં અને ઉત્તરપૂર્વ ભારત, છત્તીસગઢ, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં આવતીકાલ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, માહે અને તેલંગાણામાં વીજળી અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી બે દિવસ કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે. વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, દરિયાકાંઠાના કર્ણાટક, ઉત્તર આંતરિક કર્ણાટક, પંજાબ, રાયલસીમા અને ઉત્તર પ્રદેશમાં આવતીકાલ સુધી હવામાન ગરમ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી કેટલાક દિવસો સુધી જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વાવાઝોડા અને વીજળી સાથે હળવોથી ભારે વરસાદ ચાલુ રહેશે. જમ્મુ-કાશ્મીરમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, જ્યારે ઉત્તરાખંડના બાગેશ્વર, પિથોરાગઢ, ચંપાવત, નૈનિતાલ, રુદ્રપ્રયાગ અને ચમોલીમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશના શિમલા, કુફરી, સુંદરનગર, ભુંતર, કાંગડા, બિલાસપુર, હમીરપુર, તાબો, જોટ, મુરારી દેવી અને નેરીમાં પણ ભારે વરસાદની આગાહી છે.દેશના મોટાભાગના ભાગોમાં ફરી એકવાર ચોમાસુ વધુ તીવ્ર બનવાની તૈયારીમાં છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ ૧૬ થી ૨૦ જુલાઈ દરમિયાન ઉત્તર, પૂર્વ, મધ્ય, ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં ભારે વરસાદ, વાવાઝોડા, વીજળી અને ભારે પવન ફૂંકવાની ચેતવણી જારી કરી છે. ઉત્તર બંગાળની ખાડીમાં બનેલા ઓછા દબાણના પ્રભાવને કારણે, આગામી કેટલાક દિવસો સુધી પૂર્વી ઉત્તર પ્રદેશ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારત અને પશ્ચિમ હિમાલયના પ્રદેશોમાં ચોમાસુ સક્રિય રહેવાની ધારણા છે.જોકે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હી-દ્રઝઈ માં ભેજવાળી ગરમીથી રાહત મળવાની આશા ઓછી છે. હવામાન વિભાગ અનુસાર, ૧૯ જુલાઈ સુધી અહીં ગરમી અને ભેજ રહી શકે છે. આ સમયગાળા દરમિયાન, આકાશ વાદળછાયું રહેશે, પરંતુ વ્યાપક વરસાદની શક્યતા ઓછી છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૭ થી ૨૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

### વિવિધ પોળો અને મંદિરો મળીને ૨૬ સ્થળોએ રસોડા

# જગન્નાથજીના મોસાળમાં ભક્તો માટેના મહાપ્રસાદની તૈયારીઓ

### એક જ પોળમાં ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ ભક્તો માટે પ્રસાદ અને જમણવારની ભવ્ય તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ

અમદાવાદ, તા.૧૫

શહેરમાં અષાઢી બીજના પાવન પર્વે નીકળનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાને હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે, ત્યારે જગતના નાથને આવકારવા માટે તેમનું મોસાળ સરસપુર સંપૂર્ણપણે સજ્જ થઈ ગયું છે. રથયાત્રા દરમિયાન સરસપુરમાં ઉમટી પડનારા લાખો ભક્તો માટે ૨૬ જેટલી અલગ-અલગ જગ્યાઓએ રસોડા ધમધમી રહ્યા છે.

અમદાવાદના સરસપુરના મોસાળવાસીઓ છેલ્લા એક મહિનાથી ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલરામજીના સ્વાગત માટે રાત-દિવસ એક કરી રહ્યા છે. આ વર્ષે સરસપુરની વિવિધ પોળો અને મંદિરો મળીને કુલ ૨૬ સ્થળોએ રસોડા શરૂ કરવામાં આવ્યા છે. જેમાં મોટી સાળવી વાડ, લુહાર શેરી, કડિયા વાડ, પીપળા પોળ અને લીમડા પોળ જેવી ઐતિહાસિક પોળોમાં પૂરી, શાક, બુંદી અને ફૂલવડી સહિતના સ્વાદિષ્ટ ભોજનની તૈયારીઓ ચાલી રહી છે.અહીં આવતા ખલાસી ભાઈઓ, સાધુ-સંતો, અખાડાના સભ્યો અને સામાન્ય ભક્તો માટે અલગ-અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ભવ્ય આયોજનના અદભુત સંચાલન અંગે વિગતો આપતા મોટી સાળવી વાડના આયોજકો નરસિંહ પટેલ અને જનકભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ આખી પ્રક્રિયા વ્યવસ્થાપનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. માત્ર મોટી સાળવી વાડમાં જ રથયાત્રાના દિવસે ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ ભક્તો માટે જમણવાર યોજાશે. આ એક જ પોળના રસોડા માટે ૨૦૦થી વધુ સ્વયંસેવકો સતત સેવા આપી રહ્યા છે. અહીંયા જમણવારના આયોજન માટે ૧૮૦૦ કિલો બુંદી, ૧૮૦૦ કિલો જેટલી ફૂલવડી, ૧૫૦૦ કિલો જેટલા બટાકાનું શાક બનાવવામાં આવે છે. આ ભોજન માટે ૬૦ જેટલા ડબા તેલનો વપરાશ થાય છે, જ્યારે ભોજન માટે પૂરી બનાવવા માટે ૨૫૦૦ કિલો જેટલા લોટનો વપરાશ થાય છે. ૧૪૯ વર્ષની આ પરંપરાને જાળવી રાખવા માટે મોસાળના પુરુષો, મહિલાઓ અને બાળકો કોઈ પણ ભેદભાવ વિના ભક્તિભાવપૂર્વક સેવામાં જોડાઈ જાય છે. આ વર્ષે પણ મોસાળવાસીઓ ભગવાનની નગરચર્યાને ભવ્ય રીતે આવકારવા અને ભક્તોની જઠરાગ્નિ તૃપ્ત કરવા માટે ભારે આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

### એપ્રિલમાં બિલ વિપક્ષે પાડી દીધું હતું

# બિલ પાસ કરાવવા મોદી સરકારને સમર્થન આપશે શરદ પવાર

### મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા શરદ પવારે વિપક્ષને મોટો ઝટકો આપ્યો છે : NCP (SP) સંસદમાં સીમાંકન બિલને ટેકો આપશે

મુંબઈ, તા.૧૫

મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા અને NCP (SP)ના વડા શરદ પવારે વિરોધ પક્ષોને મોટો ઝટકો આપતા સંસદમાં સીમાંકન બિલ (ડિલિમિટેશન બિલ)ને ટેકો આપવાનો એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શરદ પવારની પાર્ટી સંસદમાં આ બિલની તરફેણમાં મતદાન કરશે. વિપક્ષી ગઠબંધનના સૌથી મુખ્ય નેતાઓમાંથી એક એવા શરદ પવારના આ આશ્ચર્યજનક પગલાથી હવે દેશભરના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. NCP (SP)ના આ નિર્ણયથી મહારાષ્ટ્રના રાજકારણની સાથે રાષ્ટ્રીય સ્તરે પણ ગરમાવો આવી ગયો છે. રાજકીય વિશ્લેષકો આ પગલાને શરદ પવારની એક ખાસ વ્યૂહનીતિ તરીકે જોઈ રહ્યા છે, જ્યારે કેટલાક લોકો તેને કેન્દ્ર સરકાર તરફ પક્ષના હકારાત્મક વલણ તરીકે પણ મૂલવી રહ્યા છે. જો કે, આ મુદ્દે હજુ સુધી પાર્ટી તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી, પરંતુ સૂત્રો મક્કમતાથી કહી રહ્યા છે કે પક્ષે બિલની તરફેણમાં ઊભા રહેવાની પૂરી તૈયારી કરી લીધી છે. ડિલિમિટેશન બિલ દેશમાં લોકસભા અને વિધાનસભા મતવિસ્તારોની સીમાઓ નક્કી કરવાની પ્રક્રિયા સાથે સંબંધિત છે, જે અંતર્ગત નવી વસ્તી ગણતરીના આધારે ચૂંટણી ક્ષેત્રોનું નવેસરથી નિર્ધારણ કરવામાં આવશે. આ બિલ પાસ થવાથી બંધારણની કેટલીક કલમોમાં ફેરફાર કરવામાં આવશે, જેથી બેઠકોની વહેંચણી વર્તમાન વસ્તીના પ્રમાણમાં થઈ શકે. ગત એપ્રિલ મહિનામાં રજૂ કરાયેલા બિલ અનુસાર, આ પ્રક્રિયા બાદ લોકસભાના સભ્યોની મહત્તમ સંખ્યા વધીને ૮૧૫ થઈ શકે છે. આ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશો માટે ૩૫ બેઠકો અનામત રાખી શકાય છે, જેનાથી લોકસભામાં કુલ બેઠકોની સંખ્યા વધીને ૮૫૦ થઈ જશે.હાલમાં સંસદની બેઠકોની સંખ્યા વર્ષ ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે નક્કી થયેલી છે, જ્યારે દેશની વસ્તી અને પરિસ્થિતિઓ હવે ઘણી બદલાઈ ચૂકી છે. સરકારનું કહેવું છે કે લાંબા સમયથી અટકેલી આ પ્રક્રિયાને આ બિલ દ્વારા વેગ મળશે અને એક સીમાંકન આયોગ (ડિલિમિટેશન કમિશન)ની રચના કરવામાં આવશે, જે નવા ચૂંટણી ક્ષેત્રોની ભૌગોલિક સીમાઓ અને બેઠકો નક્કી કરશે. જો કે, જે દેશો કે રાજ્યો વસ્તી નિયંત્રણમાં પાછળ છે અથવા આગળ છે, તે તમામ પાસાંઓ પર સંતુલન જાળવવું આ આયોગ માટે મહત્ત્વનું રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે એપ્રિલમાં સંસદના વિશેષ સત્ર દરમિયાન મહિલા અનામત અને સીમાંકન સાથે જોડાયેલું આ બંધારણીય સુધારા બિલ રજૂ કરવામાં આવ્યું હતું. તે સમયે સમગ્ર વિપક્ષે એક થઈને આ બિલનો જોરદાર વિરોધ કર્યો હતો અને સંસદમાં તેની વિરુદ્ધ મતદાન કરીને બિલને પાડી દીધું હતું.ત્યારે બિલની તરફેણમાં ૨૯૮ મત પડ્યા હતા, જ્યારે વિરોધમાં ૨૩૦ મત પડ્યા હતા. બિલ રજૂ કરવા સમયે ગૃહમાં કુલ ૫૨૮ સાંસદો હાજર હતા અને બિલ પાસ કરાવવા માટે સરકારને ૩૫૨ મતોની જરૂર હતી. આમ, સરકાર માત્ર ૫૪ મતોથી ચૂકી ગઈ હતી. આ બિલ પડી ગયા બાદ પીએમ મોદીએ કહ્યું હતું કે, 'અમારી પાસે પૂરતું સંખ્યાબળ નહોતું, તેનો અર્થ એ નથી કે અમે હારી ગયા છીએ. ભવિષ્યમાં પણ અમને તકો મળતી રહેશે.' હવે શરદ પવારના આ સમર્થન બાદ સરકાર માટે આ બિલ પાસ કરાવવાનો રસ્તો ઘણો સરળ બની જશે તેમ દેખાઈ રહ્યું છે.

### E20 પેટ્રોલ પર ગડકરીનો સ્પષ્ટ સંદેશ!

# પસંદ ન હોય તો ૧૦૦% પેટ્રોલ લઈ શકો, પણ વધુ ખર્ચ કરવો પડશે

### E20 પેટ્રોલ એટલે કે ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડેડ ફ્યૂલ અંગે સોશિયલ મીડિયા પર અલગ અલગ દાવા થઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૧૫

E20 એટલે કે ઈથેનોલ ભેળવેલા પેટ્રોલ વિશે હાલ ખુબ ચર્ચા થઈ રહી છે. આ બધા વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે જે લોકોને ૧૦૦ ટકા પેટ્રોલ લેવું હોય તો તેઓ પેટ્રોલ પંપ પરથી લઈ શકે છે. પરંતુ તેના વધુ પૈસા ચૂકવવા પડશે. આ અગાઉ તેઓ કહી ચૂક્યા છે કે ઈથેનોલ ભેળવેલા ઈંધણના કારણે વાહન ખરાબ થવાની સમસ્યા આવી નથી. એવા પણ રિપોર્ટ્સ છે કે ઓઈલ કંપનીઓએ ઈંધણની ક્વોલિટીની તપાસ તેજ કરી છે. ટીઓઆઈના એક રિપોર્ટ મુજબ ગડકરીને પૂછવામાં આવ્યું કે શું પેટ્રોલ પંપ પર E10 ઈંધણના વિકલ્પની સંભાવના છે. તો તેના પર તેમણે જવાબ આપ્યો કે જ્યારે આપણે ૨૦ ટકા ઈથેનોલ બ્લેન્ડિંગનો લક્ષ્યાંક મેળવી લીધો છે અને E20 ઈંધણ દેશના દરેક ફ્યૂલ સ્ટેશન પર છે, તો આવું કેવી રીતે શક્ય હોય. તેમણે કહ્યું કે જે લોકો ઈથેનોલ ભેળવેલું પેટ્રોલ ન લેવા માંગતા હોય તેઓ ૧૦૦ ટકા પેટ્રોલ ખરીદી શકે છે પરંતુ તેના માટે વધુ પૈસા આપવા પડશે. જાહેર ક્ષેત્રની પેટ્રોલિયમ કંપનીઓએ દેશભરમાં પોતાના રિટેલ પેટ્રોલ પંપ પર ઈંધણની ગુણવત્તા અંગે તપાસ શરૂ કરી દીધી છે. જેમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના નામ સામેલ છે. આ કંપનીઓએ આ પગલું સોશિયલ મીડિયા પર ઉઠેલી ઈંધણની ગુણવત્તાને લઈને વ્યક્ત થઈ રહેલી ચિંતાઓ વચ્ચે ગ્રાહકોને ભરોસો અપાવવા માટે ઉઠાવવામાં આવ્યું છે. પેટ્રોલિયમ કંપનીઓએ ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ ઈંધણની ગુણવત્તા સાથે જોડાયેલી કોઈ પણ ફરિયાદને સીધા પેટ્રોલ પંપ કે કંપનીના ગ્રાહક સેવા માધ્યમોથી નોંધાવો અને અપુષ્ટ સોશિયલ મીડિયા પોસ્ટ પર ભરોસો ન કરવો. IIT કાનપુરનું કહેવું છે કે E20 થી ગાડીઓના એન્જિનને નુકસાન થવાના કોઈ પુરાવા નથી. આઈઆઈટી કાનપુરના મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટમાં એન્જિન રિસર્ચ લેબોરેટરીના પ્રોજેક્ટ વૈજ્ઞાનિક ધ્રુવ રાજ કરણાએ મંગળવારે પીટીઆઈ ભાષાને જણાવ્યું હતું કે મોટા પાયે થયેલા અભ્યાસમાં સામે આવ્યું છે કે E20 ઈંધણથી નુકસાન, કાટ લાગવાની કે કોઈ અન્ય ટેક્નિકલ સમસ્યા થતી નથી.

### દરેક ટ્રકમાં પોલીસ ડ્રાઈવર અને AMCની રિપેરિંગ ટીમ રહેશે સજ્જ

# અમદાવાદમાં ૧૪૯મી રથયાત્રા, ૧૦ ડ્રોનથી બાજ નજર રખાશે

### ૧૪૯મી રથયાત્રામાં ૧૮ ગજરાજ, ભજન મંડળી, શણગારેલા ટ્રક અને કરતબ કરતા અખાડાની અદભૂત પ્રતિકૃતિ જોવા મળશે

અમદાવાદ, તા.૧૫

આગામી ૧૬ જુલાઈએ એટલે કે અષાઢી બીજના દિવસે અમદાવાદમાં ૧૪૯મી રથયાત્રા યોજાશે. ભગવાન જગન્નાથજી, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રા સાથે લોકોને દર્શન આપવા રથમાં સવાર થઈને નીકળશે. ૪૯મી રથયાત્રામાં ૧૮ ગજરાજ, ભજન મંડળી, શણગારેલા ટ્રક અને કરતબ કરતા અખાડાની અદભૂત પ્રતિકૃતિ જોવા મળશે. ત્યારે શણગારેલા ટ્રકને અને અખાડાનું મોનિટરિંગ કરવા પોલીસે ખાસ તૈયારી કરી છે. જેમાં આ વખતે તમામ ટ્રક સંચાલક અને ડ્રાઈવર સહિત અન્ય લોકોનું આધાર એપ દ્વારા વેરિફિકેશન કરાશે. આ ઉપરાંત, ટ્રકમાં ૧ પોલીસ ડ્રાઈવર અને AMCનું સ્પેશિયલ રિપેરિંગ વ્હીકલ ટીમ સાથે ૧૦ ટ્રકની પાછળ રહેશે. જેમાં સમગ્ર રથયાત્રા દરમિયાન ૧૦ ડ્રોનથી પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવશે.મળતી માહિતી મુજબ, આ વર્ષે સુરક્ષાના ભાગરૂપે રથયાત્રામાં જોડાનાર તમામ આયોજકો, સંચાલકો, ટ્રક માલિકો અને ડ્રાઈવરોનું પ્રતિરક્ષા આધાર ઈનેબલ એપ દ્વારા ફરજિયાત વેરિફિકેશન કરવામાં આવશે અને ત્યારબાદ જ તેઓને ઓળખપત્ર ઈશ્યૂ કરાશે. રથયાત્રામાં જોડાનાર તમામ ટ્રકો સુરક્ષિત રહે તે માટે RTO મારફતે વાહનોની યાંત્રિક ચકાસણી કરવામાં આવશે, તેમજ BDDS એટલે કે, બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેક્શન સ્ક્વોડ ટીમો દ્વારા ટ્રકોનું એન્ટી-સબોટેજ ચેકિંગ પણ હાથ ધરાશે. ડ્રાઈવરોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તમામ ટ્રક ડ્રાઈવરોનું મેડિકલ ચેકઅપ ફરજિયાત કરવામાં આવ્યું છે.રથયાત્રા દરમિયાન કોઈપણ ઈમરજન્સી સંજોગો સર્જાય તો તેને પહોંચી વળવા માટે દરેક ટ્રકમાં મુખ્ય ડ્રાઈવરની સાથે ૧ પોલીસ ડ્રાઈવર પણ રાખવામાં આવશે. આ ઉપરાંત, રસ્તામાં કોઈપણ વાહનમાં ખામી સર્જાય તો તુરંત ઉકેલ લાવવા માટે આ વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્પેશિયલ રિપેરિંગ વ્હિકલ અને માણસોની ટીમ દર ૧૦-૧૦ ટ્રકની પાછળ તહેનાત રાખવામાં આવશે.તમામ ટ્રકો અને અખાડાઓનું GPS સિસ્ટમ દ્વારા રિયલ-ટાઈમ લોકેશન મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, સમગ્ર રૂટ પર ટ્રકો અને અખાડાઓ પર ૧૦ જેટલાં હાઈટેક ડ્રોન કેમેરા દ્વારા LIVE મોનિટરિંગ કરવામાં આવશે. અખાડાઓમાં ભીડ નિયંત્રણ અને સુરક્ષા માટે અખાડાઓ સાથે ખાસ પુશિંગ સ્ક્વોડ રાખવામાં આવશે. એટલું જ નહીં, અખાડાઓમાં વાગનારા ઢોલના સંગીતની લિમિટ અને સિસ્ટમની ચકાસણી પોલીસ દ્વારા અગાઉથી જ કરી લેવામાં આવશે. આ વખતની રથયાત્રામાં શ્રદ્ધાળુઓ માટે વિશેષ આકર્ષણ ઊભું કરવા ગુજરાત પોલીસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને લીગલ સેલના ખાસ ટેબ્લો પણ રથયાત્રામાં સામેલ કરવામાં આવશે.

### સુપ્રીમ કોર્ટની મંજૂરીની રાહ !

# શાળાઓમાં સેક્સ એજ્યુકેશન માટે કેન્દ્ર સરકાર તૈયાર

### કેન્દ્ર સરકારે દેશભરની શાળાઓના અભ્યાસક્રમમાં સેક્સ એજ્યુકેશનનો સમાવેશ કરવાની તૈયારી કરી લીધી છે

નવી દિલ્હી, તા.૧૫

ન્યુઝ એજન્સીના અહેવાલ અનુસાર દેશમાં સેક્સ એજ્યુકેશનને લઈને લાંબા સમયથી જે સંકોચ અને ખચકાટ ચાલી રહ્યો હતો, તે હવે પૂરો થવાના આરે છે. આનું કારણ એ છે કે સરકારે સેક્સ એજ્યુકેશનને શાળાના અભ્યાસક્રમનો એક ભાગ બનાવવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું છે કે દેશભરની શાળાઓમાં સેક્સ એજ્યુકેશન શરૂ કરવાની તૈયારી છે અને કોર્ટની મંજૂરી મળ્યા બાદ તેનો અમલ કરવામાં આવશે. એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ જસ્ટિસ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેંચ સમક્ષ આ વાત રજૂ કરી હતી.વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટે સોમવારે કિશોરો (૧૬ થી ૧૮ વર્ષના સગીરો) ના પરસ્પર સંમતિવાળા પ્રેમ સંબંધો સાથે જોડાયેલા કેસોમાં પોક્સો (POCSO) કાયદાના થઈ રહેલા દુરુપયોગ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે ઘણા કિસ્સાઓમાં ૧૬ થી ૧૮ વર્ષની વયના કિશોરો સંબંધ બાંધીને ઘર છોડી દે છે અને વાલીઓ પોતાની કથિત સામાજિક પ્રતિષ્ઠા (ખોટી શાન) ના નામે ગુનાહિત કાનૂની કાર્યવાહી શરૂ કરાવી દે છે.કેન્દ્ર સરકારે મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના એડિશનલ સેક્રેટરીની અધ્યક્ષતામાં ૨૬ સભ્યોની એક પેનલની રચના કરી હતી, જેને પોક્સો એક્ટના સંદર્ભમાં પરસ્પર સંમતિથી જાતીય સંબંધો બાંધતા કિશોરોના પ્રાઈવસી (નિજતાના અધિકાર) સાથે જોડાયેલા મુદ્દાઓની તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.
આ પેનલે પોતાના અહેવાલમાં સૂચન કર્યું છે કે શાળાઓના અભ્યાસક્રમમાં વ્યાપક જાતીય શિક્ષણ (સેક્સ એજ્યુકેશન) અને બાળકોના જાતીય શોષણ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવે. પેનલે એવી પણ ભલામણ કરી છે કે એનસીઈઆરટી (NCERT) આ માટેનો નવો અભ્યાસક્રમ તૈયાર કરે. સેક્સ એજ્યુકેશનને નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP 2020) ને અનુરૂપ લાગુ કરવા માટે કહેવામાં આવ્યું છે.રિપોર્ટમાં જણાવાયું છે કે પ્રાથમિક શાળાના સ્તરથી જ આ વિષયો ભણાવવા માટે એક એક્સપર્ટ શિક્ષકની નિમણૂક કરવી જોઈએ અને અઠવાડિયામાં બે વાર ૨૦-૨૦ મિનિટ માટે આ વિષયોના ક્લાસ લેવા ફરજિયાત કરવા જોઈએ.

### સોનમ વાંગચુકની ભૂખ હડતાળ મામલે હાઈકોર્ટે કહ્યું

# વાંગચુકનો મામલો અર્જન્ટ છે, સરકાર જવાબ આપે

### દિલ્હી હાઈકોર્ટે સોનમ વાંગચુકના અનશન ખતમ કરાવવા માટેની PIL પર કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ ફટકારી

નવી દિલ્હી, તા.૧૫

સોનમ વાંગચુકનું અનશન ખતમ કરાવવા માટે દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી પર દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ જાહેર કરી છે. ૧૮ દિવસથી અનશન કરી રહેલા વાંગચુકના કેસને અર્જન્ટ ગણાવતા હાઈકોર્ટના ચીફ જસ્ટિસની બેન્ચે કેન્દ્ર અને દિલ્હી સરકારને આવતીકાલે (ગુરુવાર) સવાર સુધીમાં જવાબ દાખલ કરવા માટે કહ્યું છે.અરજીકર્તા વકીલે કહ્યું, ખૂબ જ કમનસીબ પરિસ્થિતિ છે. સામાજિક કાર્યકર્તા જે પોતાના મૌલિક અધિકારનો ઉપયોગ કરીને પ્રદર્શન કરી રહ્યા છે અને એક રીતે સમગ્ર દેશની સામે પોતાનો જીવ આપી રહ્યા છે. સૈનીએ અદાલતને કેન્દ્ર અને રાજ્ય સરકારને એવો નિર્દેશ આપવા માટે કહ્યું કે વાંગચુકને તાત્કાલિક હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવે અને તેમને જરૂરી સારવાર પૂરી પાડવામાં આવે તથા અનશન ખતમ કરાવવામાં આવે.જેના પર હાઈકોર્ટે કહ્યું, કેન્દ્ર સરકાર તરફથી કોઈ હાજર થયું નથી. અમે અરજીની નોંધ લઈ રહ્યા છીએ. અમે આ મામલાની આવતીકાલે જ સુનાવણી કરીશું અને કેન્દ્ર સરકાર પાસેથી જવાબ લેવાની જરૂર છે.કોર્ટે આદેશની એક નકલ સંબંધિત એડિશનલ સોલિસિટર જનરલ અને દિલ્હી સરકારના વકીલને આપવાનો નિર્દેશ આપ્યો. હાઈકોર્ટની બાર એસોસિએશન દ્વારા કરવામાં આવેલા બહિષ્કારના કારણે કેન્દ્ર અને દિલ્હી સરકાર તરફથી કોર્ટમાં કોઈ હાજર થયું ન હતું. નીટ પેપર લીકના કારણે કૉકરોચ જનતા પાર્ટી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહી છે. દિલ્હીના જંતર-મંતર પર ૨૦ જૂનથી જ આ પ્રદર્શન ચાલી રહ્યું છે, જ્યારે સોનમ વાંગચુકએ આ જ મંચ પર ૨૮ જૂનથી અનશનની શરૂઆત કરી હતી. ૧૮ દિવસ પછી તેમનું વજન આશરે ૮ કિલો ઓછું થઈ ગયું છે. તેઓ સહારો આપ્યા પછી પણ ખૂબ જ મુશ્કેલીથી નિત્યક્રમ માટે જઈ શકી રહ્યા છે.પશ્ચિમ બંગાળના પૂર્વ સીએમ મમતા બેનર્જી, યુપીના પૂર્વ સીએમ અખિલેશ યાદવ અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિત કેટલાય મોટા નેતાઓ સોનમ વાંગચુકને અનશન ખતમ કરવાની અપીલ કરી ચૂક્યા છે. છેલ્લા ૨-૩ દિવસમાં નેતાઓની અવરજવર પણ જંતર-મંતર પર વધી છે.

### પરિવારને મેસેજમાં હોર્મુઝ પાર કર્યાની કરી હતી જાણ

# ઈરાનના હુમલામાં વધુ એક ભારતીયનું મોત થયું

### હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઓમાનના દરિયાકાંઠે ઈરાનના હુમલામાં પુણેના મરીન એન્જિનિયર હેરંબ કરમરકરનું મોત થયું

તેહરાન, તા.૧૫

હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઓમાનના દરિયાકાંઠા પાસે ઈરાન દ્વારા કરવામાં આવેલા ઘાતક સૈન્ય હુમલામાં વધુ એક ભારતીય નાવિકે પોતાનો જીવ ગુમાવ્યો છે. સાયપ્રસનો ધ્વજ ધરાવતા વ્યાપારી જહાજ 'GFX Galaxy' પર થયેલા આ હુમલામાં પુણેના રહેવાસી મરીન એન્જિનિયર હેરંબ કરમરકરનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. અત્યંત કરુણ વાત એ છે કે, મૃત્યુના ગણતરીના સમય પહેલાં જ હેરંબે પોતાના પરિવારને વોટ્સએપ પર મેસેજ મોકલીને પોતે સુરક્ષિત રીતે હોર્મુઝ પાર કરી ગયા હોવાની માહિતી આપી હતી, જે તેમની અંતિમ વાતચીત સાબિત થઈ હતી. આ હુમલા બાદ ભારતે નવી દિલ્હીમાં ઈરાનના ડેપ્યુટી એમ્બેસેડરને સમન્સ પાઠવીને અત્યંત આકરો વિરોધ નોંધાવ્યો છે.

મૂળ પુણેના વતની અને વ્યવસાયે મરીન એન્જિનિયર હેરંબ કરમરકરે હુમલાના થોડા સમય પહેલાં જ પોતાના પરિવારને મેસેજ મોકલ્યો હતો કે, તેમના જહાજે હોર્મુઝ જળમાર્ગને અત્યંત સુરક્ષિત રીતે પાર કરી લીધો છે. પરિવાર હજુ આ મેસેજ વાંચીને રાહતનો શ્વાસ લે, તે પહેલાં જ ઈરાની હુમલામાં હેરંબના મોતના સમાચાર મળ્યા હતા. બુધવારે હેરંબના પરિવારે સત્તાવાર રીતે તેમના મૃત્યુની પુષ્ટિ કરી છે. હેરંબના સસરાએ ભારત સરકારને વિનંતી કરી છે કે તેમના જમાઈના પાર્થિવ દેહને વહેલી તકે સન્માનપૂર્વક ભારત લાવવામાં આવે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મર્ચન્ટ જહાજ પર અનેક ભારતીય નાવિકો સવાર હતા. હુમલા બાદ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને ૧૦ ભારતીય નાવિકોને સુરક્ષિત બચાવી લેવાયા છે, જ્યારે હજુ પણ ૧ ભારતીય નાવિક ગુમ હોવાનું જાણવા મળ્યું છે. ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) પર જણાવ્યું છે કે, તેઓ ઓમાનના સત્તાવાળાઓ અને જહાજની મેનેજમેન્ટ કંપની સાથે સતત સંપર્કમાં છે અને તમામ પ્રકારની સહાય પૂરી પાડી રહ્યા છે.

હોર્મુઝ જળમાર્ગમાં વ્યાપારી જહાજો પર થઈ રહેલા હુમલા અંગે ભારતે ભારે ચિંતા વ્યક્ત કરી છે અને આ હુમલાની આકરા શબ્દોમાં નિંદા કરી છે. ઉલ્લેખનીય છે કે, મંગળવારે પણ ઈરાન દ્વારા આ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા બે જહાજો પર હુમલા કરાયા હતા, જેમાં વધુ એક ભારતીય નાવિકનું મોત થયું હતું. એક જ અઠવાડિયામાં ભારતીય નાવિકોના મોતના પગલે ભારતીય વિદેશ મંત્રાલયે ઈરાનના ડેપ્યુટી એમ્બેસેડરને દિલ્હી ખાતે તલબ કરીને આ મામલે પોતાનો ઉગ્ર વિરોધ અને નારાજગી વ્યક્ત કરી છે.

### સુરત પૂર પીડિતો માટે રાજ્ય સરકારની મોટી જાહેરાત

# સુરત માટે હવે કુલ ૧૦૫૦ કરોડનું રાહત પેકેજ મંજૂર

## નુકસાનીનો સર્વે કરાવીને તમામ પ્રભાવિત લોકોને વહેલી તકે યોગ્ય આર્થિક સહાય પહોંચાડવામાં આવશે

સુરત, તા.૧૫

તારીખ ૬ જુલાઈના રોજ સુરત શહેરમાં ખાબકેલા અતિ ભારે વરસાદને કારણે ચારેય તરફ પાણી ફરી વળ્યા હતા. આ પૂર હોનારતને લીધે સુરતીઓને ખૂબ જ મોટા પ્રમાણમાં આર્થિક નુકસાન અને અગવડતાઓનો સામનો કરવો પડ્યો હતો. આ મુશ્કેલ સમયમાં સુરતવાસીઓની વહારે આવીને રાજ્ય સરકારે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. આજે મળેલી કેબિનેટ બેઠકમાં પૂર પીડિતો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે સહાય પેકેજ મંજૂર કર્યું છે, જેની સત્તાવાર જાહેરાત ગૃહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એક ખાસ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કરી હતી. રાજ્યમાં ભારે વરસાદને કારણે જે કોમર્શિયલ વિસ્તારોમાં નુકસાન થયું છે, ત્યાં આ સહાય પેકેજ લાગુ કરવામાં આવશે. સુરતમાં ભવિષ્યમાં ફરીથી આવી પૂરની પરિસ્થિતિ ન સર્જાય તે માટે અત્યારથી જ નક્કર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ માટે થેન્નારસનની અધ્યક્ષતામાં એક વિશેષ ટીમ સુરત મોકલવામાં આવી હતી, અને હવે સુરતની ખાડીઓ પરના દબાણો સત્વરે દૂર કરવામાં આવશે. સુરત શહેર માટે સરકારે આગામી ત્રણ વર્ષ માટે વધુ ૫૫૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૫૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું, આમ સુરત માટે હવે કુલ રૂ.૧૦૫૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ મંજૂર થયું છે. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ પેકેજ અંગેનો સત્તાવાર પરિપત્ર આજે સાંજ સુધીમાં જાહેર થઈ જશે. આમ છતાં, જો કોઈ અસરગ્રસ્તો સહાયથી બાકી રહી જશે, તો સરકાર તેમની રજૂઆતો સાંભળીને સહાય આપવા અંગે સકારાત્મક વિચારણા કરશે.

પૂરના પાણી ઓસરતા જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક સુરતની મુલાકાત લીધી હતી અને નુકસાનીના સર્વે માટેના આદેશો આપ્યા હતા. શહેરમાં રોગચાળો ન ફેલાય તે માટે તમામ વિસ્તારોમાં મેગા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૯૦૦૦થી વધુ સફાઈ કર્મચારીઓએ દિવસ-રાત જોયા વગર કામગીરી કરી હતી. હર્ષ સંઘવીએ આ કપરા સંજોગોમાં ખડેપગે કામ કરનાર તમામ કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

રાજ્ય સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવતા નિર્ણય કર્યો છે કે જે નાના-મોટા વેપારીઓએ પોતાની દુકાન કે ધંધાનો વીમો (Insurance) લીધો નથી, તેમના વેપાર-ધંધાને ફરી બેઠા કરવા માટે સરકાર મજબૂતાઈથી તેમની સાથે ઊભી રહેશે. અત્યાર સુધીમાં ૧૯ હજારથી વધુ નાગરિકોને કેશ ડોલ્સ અને ઘરવખરીની સહાય ચૂકવી દેવામાં આવી છે. પૂરની અસર પામેલા નાના લારી-ગલ્લાવાળાથી લઈને મોટા વેપારીઓ માટે સરકારે રોકડ સહાયની જાહેરાત કરી છે. લારી કે રેકડી ધારકો માટે ૭૫૦૦ની આર્થિક સહાય. ૫૦ ફૂટ સુધીની નાની દુકાનો માટે ૫૦૦૦૦ ની સહાય અને પાકી/મોટી દુકાનો માટે એક લાખ સુધીની સહાય. (જે વેપારીઓએ GST રિટર્ન ભર્યું છે, તેમના માટે કોઈ મર્યાદા નથી, પાકી દુકાનદીઠ એક લાખની સહાય મળશે.)

વેપારીઓ પોતાનો ધંધો ફરી ધમધમતો કરી શકે તે માટે ૩ વર્ષના સમયગાળા માટે ૭% ના દરે વ્યાજ સહાય સાથે લોન આપવાની પણ સરકારે જાહેરાત કરી છે. સાડા સાત લાખથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે ૨૦ લાખ સુધીની લોન અને ૧૫ લાખથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે ૩૦ લાખ સુધીની લોન. વેપારીઓ માટે ૫ લાખ, ૧૦ લાખ અને ૨૦ લાખ સુધીની વ્યાજ સહાય આપવામાં આવશે. વેપારીઓએ રોકડ સહાય અથવા વ્યાજ સહાય- આ બેમાંથી કોઈપણ એક વિકલ્પની પસંદગી કરવાની રહેશે.

સુરતીઓ માટે સૌથી મોટી રાહતના સમાચાર આપતા સરકારે જણાવ્યું છે કે, પૂર દરમિયાન જેમના ઘરોમાં કે વ્યાપારી એકમોમાં પાણી ભરાઈ ગયા હતા, તેવા તમામ ઘરો અને દુકાનોને એક વર્ષ માટે સુરત મહાનગરપાલિકાના વેરા (Property Tax) માંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવશે. આ સહાય યોજનાનો લાભ મેળવવા માટે કલેક્ટર કક્ષાએ આગામી ૪૮ કલાકમાં ફોર્મ સ્વીકારવાની કામગીરી શરૂ કરી દેવામાં આવશે. કલેક્ટર દ્વારા આ અંગેની વિગતવાર માર્ગદર્શિકા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.
કેબિનેટ બેઠકમાં માત્ર સુરત જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યના હિતમાં પણ એક નિર્ણય લેવાયો છે. રાજ્યમાં જે વિસ્તારોમાં ઓછો વરસાદ પડ્યો છે, ત્યાં પશુધનને કોઈ તકલીફ ન પડે અને ગૌશાળાઓ અટકી ન પડે તે માટે સ્થાનિક કલેક્ટરોને વિશેષ સત્તા આપવાનો નિર્ણય પણ સરકારે લીધો છે. રાજ્ય સરકારના આ ત્વરિત અને ઐતિહાસિક નિર્ણયોથી સુરતના પૂર પીડિત વેપારીઓ અને નાગરિકોને મોટો ફાયદો મળશે.

### પ્રવાસીઓ ઘટતાં થાઈલેન્ડ સરકાર ઝૂકી!

# થાઈલેન્ડમાં ભારતીયો માટે વિઝાના નિયમોમાં ફરી મોટો ફેરફાર કરાયો

## થાઈલેન્ડે ભારતીય પ્રવાસીઓ માટે વિઝા-ફ્રી એન્ટ્રી ચાલુ રાખી

બેંગકોક, તા.૧૫

થાઈલેન્ડ ફરવા જવાની યોજના બનાવી રહેલા ભારતીય પ્રવાસીઓ માટે રાહતના સમાચાર છે. થાઈ સરકારે સ્પષ્ટ કર્યું છે કે, ભારતીય નાગરિકો માટે વિઝા-ફ્રી એન્ટ્રી (વિઝા વિના પ્રવેશ)ની સુવિધા હાલ પૂરતી ચાલુ રહેશે. જો કે, આ સુવિધા હેઠળ ત્યાં રહેવાની મહત્તમ મર્યાદા હવે ૬૦ દિવસથી ઘટાડીને ૩૦ દિવસ કરી દેવામાં આવી છે. સરકારનું કહેવું છે કે, આ નિર્ણય ભારતીય પ્રવાસીઓની મુસાફરીની પેટર્ન અને પર્યટન વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. થાઈલેન્ડના પર્યટન મંત્રી સુરાસાક ફાનચારોએનવોરાકુલે જણાવ્યું કે, ભારતીય નાગરિકો પહેલાની જેમ જ વિઝા વિના થાઈલેન્ડ જઈ શકશે, પરંતુ હવે તેઓ ત્યાં વધુમાં વધુ ૩૦ દિવસ સુધી જ રોકાઈ શકશે. આ પહેલા ભારતીયોને ૬૦ દિવસ સુધી વિઝા-ફ્રી રહેવાની પરવાનગી હતી. થોડા સમય પહેલા થાઈ સરકારે વિઝા-ફ્રી દેશોની યાદી ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જો કે આ પ્રસ્તાવ લાગુ ન થયો, પરંતુ તેના કારણે ભારતીય મુસાફરોમાં અસમંજસની સ્થિતિ ઊભી થઈ, અને ભારતથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો. ત્યારબાદ સરકારે ભારતીયો માટે વિઝા-ફ્રી સુવિધા ચાલુ રાખવાનો નિર્ણય કર્યો.ભારત એ ચીન અને મલેશિયા પછી થાઈલેન્ડના સૌથી મોટા પર્યટન બજારોમાંનું એક છે. દર વર્ષે મોટી સંખ્યામાં ભારતીયો રજાઓ ગાળવા, હનીમૂન અને ફેમિલી ટ્રિપ માટે થાઈલેન્ડ જાય છે. તેથી પર્યટનને પ્રોત્સાહન આપવા માટે સરકારે ભારતીયો માટે આ સુવિધા ચાલુ રાખી છે.થાઈ સરકારનું કહેવું છે કે, વિઝા-ફ્રી વ્યવસ્થાનો કેટલાક વિદેશી નાગરિકો દુરુપયોગ કરી રહ્યા હતા. ઘણા કિસ્સાઓમાં પરવાનગી વિના કામ કરવા અને વિઝા નિયમોનું ઉલ્લંઘન કરવાની ફરિયાદો મળી હતી. આ જ કારણે સરકારે વિઝા-ફ્રી રોકાણનો સમયગાળો ઘટાડીને ૩૦ દિવસ કરવાનો નિર્ણય કર્યો છે.
ભારત ઉપરાંત ક્રોએશિયા, બલ્ગેરિયા, સાયપ્રસ, માલ્ટા અને માલદીવના નાગરિકો પણ હવે ૩૦ દિવસ સુધી વિઝા-ફ્રી એન્ટ્રીનો લાભ લઈ શકશે. થાઈ સરકારે સંકેત આપ્યા છે કે, ભવિષ્યમાં જરૂર પડશે તો આ વ્યવસ્થાની ફરી સમીક્ષા કરવામાં આવી શકે છે.

### ઇથેનોલ વિવાદ પર નીતિન ગડકરીનો જવાબ

# મારા પુત્રોની કંપનીઓ પર ૧,૬૦૦ કરોડ રૂપિયાનું દેવું છે

## કેન્દ્રીય મંત્રી ગડકરીએ ઇથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામથી તેમના પરિવારને ફાયદો થવાના આક્ષેપોને નકારી કાઢ્યા

નવી દિલ્હી, તા.૧૫

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ સરકારના ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામથી તેમને અથવા તેમના પરિવારને કોઈ આર્થિક ફાયદો થયો હોવાના તમામ આક્ષેપોને સખત શબ્દોમાં ફગાવી દીધા છે. તેમણે પોતાની સામે ચાલી રહેલી આ ઝુંબેશને "રાજકીય રીતે પ્રેરિત" અને ખોટી માહિતી પર આધારિત ગણાવી છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે સ્પષ્ટ કર્યું કે વૈકલ્પિક ઈંધણને પ્રોત્સાહન આપવાનો તેમનો હેતુ માત્ર જાહેર નીતિ અને દેશના હિત માટે છે, કોઈ ખાનગી સ્વાર્થ માટે નહીં.નિતિન ગડકરીએ જણાવ્યું કે તેમના પુત્રો દ્વારા ચલાવવામાં આવતા ખાંડ અને ઈથેનોલના વ્યવસાયનો આ ક્ષેત્રમાં બહુ જ મામૂલી હિસ્સો છે અને તેની કામગીરી, કિંમતો નક્કી કરવા કે ખરીદી પ્રક્રિયામાં તેમની કોઈ ભૂમિકા નથી. તેમણે આંકડા આપતા કહ્યું, "તેમના કુલ બિઝનેસમાં ઈથેનોલનો હિસ્સો માત્ર ૧૦% જ છે અને દેશના સમગ્ર ઈથેનોલ બિઝનેસમાં મારા પુત્રોની ફેક્ટરીઓનો હિસ્સો ૦.૫% કરતા પણ ઓછો છે. આ કંપની CIAN એગ્રો ઈન્ડસ્ટ્રી & ઈન્ફ્રા લિમિટેડ પર આશરે ૧,૬૦૦ કરોડ રૂપિયાનું દેવું છે. આવા સંજોગોમાં વ્યક્તિગત લાભના દાવા તદ્દન પાયાવિહોણા છે." કેન્દ્રીય મંત્રીએ યાદ અપાવ્યું કે ઈથેનોલ બ્લેન્ડિંગની પહેલ સૌપ્રથમ અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળી NDA સરકારમાં શરૂ થઈ હતી અને ત્યારબાદ UPA સરકારમાં પણ ચાલુ રહી હતી, જેમાં તત્કાલીન પેટ્રોલિયમ મંત્રી મણિશંકર અય્યરે પણ સંસદમાં તેને સમર્થન આપ્યું હતું. તેમણે ઉમેર્યું કે તેઓ માત્ર શેરડી આધારિત ઈથેનોલ જ નહીં, પરંતુ મકાઈ, ચોખા, પાકના કચરા (પરાલી) અને વાંસમાંથી બનતા ઈથેનોલ તેમજ મિથેનોલ, હાઈડ્રોજન અને ઈલેક્ટ્રિક વાહનો જેવા વૈકલ્પિક ઈંધણના સતત હિમાયતી રહ્યા છે જેથી પ્રદૂષણ ઘટે અને ક્રૂડ ઓઈલની આયાત પર ભારતની નિર્ભરતા ઓછી થાય.પેટ્રોલમાં ૨૦% ઈથેનોલના મિશ્રણ એટલે કે ઈ૨૦ ફ્યુઅલને કારણે વાહનોના એન્જિન બગડી રહ્યા હોવાના સોશિયલ મીડિયાના દાવાઓને પણ મંત્રીએ નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું કે ઈ૧૦ કમ્પ્લાયન્ટ તમામ વાહનો સુરક્ષિત રીતે E20 ઈંધણનો ઉપયોગ કરી શકે છે અને ઓટોમોબાઈલ ઉત્પાદક કંપની મારુતિ સુઝુકીએ પણ પોતાના નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે આ ઈંધણથી કોઈ સમસ્યા નથી થઈ. ગડકરીએ તાજેતરમાં જ આવી સમસ્યાનો સામનો કરી રહેલા લોકોને મંત્રાલયને પત્ર લખવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ હજી સુધી એક પણ ફરિયાદ મળી નથી.

### ટ્રસ્ટ તરફથી પ્રભુચરણે ધરવામાં આવેલી ૨,૯૨૬ કિંમની ચીજોની યાદી જાહેર

# રામમંદિરમાં ચોરીમાં મારી ભૂલ નથી, હું રાજીનામુ નહિ આપું : કોષાધ્યક્ષ

## રામ મંદિરમાં સોના-ચાંદીના ચઢાવાનો ક્યાંય પત્તો નથી લાગતો એવાં આક્ષેપને નકારતા મહારાજે કહ્યું હતું કે ૧૪૦૦ કરોડના ચઢાવાની ચોરીનો આક્ષેપ ખોટો છે

પુણે, તા.૧૫

અયોધ્યાના રામ-મંદિરમાં લાખોની કથિત દાન-ચોરી મામલે શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ ગોવિંદદેવ ગિરી મહારાજે રાજીનામું આપવાનો ઈનકાર કર્યો છે. તેમણે બચાવમાં કહ્યું હતું કે આ સમગ્ર મામલામાં અંગત રીતે મારી કોઈ ભૂલ થઈ હોય એવું મને લાગતું નથી.પુણેમાં મીડિયાને તેમણે કહ્યું હતું કે કથિત દાનચોરીના કેસમાં જેલની ધરપકડ થઈ છે એ બધા જ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ છે. એટલે બેન્કના ઉચ્ચ અધિકારીઓએ તેમને આ જવાબદારીભર્યું કામ સોંપતા પહેલા તેમની લાયકાત તપાસવાની અને વધુ સાવધ રહેવાની જરૂર હતી. તેઓ કોઈ સાધુપુરુષ કે તપસ્વી તો છે નહિ , બેન્ક અધિકારીઓએ વધુ સજાગ રહેવું જોઈતું હતું. રામમંદિરમાં અંદાજે કેટલી રકમની દાનચોરી થઈ હશે એવા સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે અંગત રીતે મારૂં માનવું છે કે લગભગ ત્રણ કરોડની ચોરી થઈ હતી. પરંતુ આ કોઈ સત્તાવાર આંકડો નથી.સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (એસઆઈટી) તરફથી આગળ વધી રહેલી તપાસની કામગીરીને સંતોષકારક ગણાવતા કોષાધ્યક્ષે કહ્યું હતું કે સર્વોચ્ચ અદાલત સમગ્ર મામલા પર નજર રાખી રહી છે. બાકી દાન-ચોરીના મામલે મેં પદ છોડવાનો નિર્ણય લીધો છે એવાં વહેતા થયેલા અહેવાલ બદઈરાદાપૂર્ણ છે.હું રાજીનામું આપીશ એવું મેં ક્યારેય નથી કહ્યું હું છત્રપતી શિવાજી મહારાજનો અનુયાયી છું, હું મેદાન છોડીને ભાગી જાઉ એમાંનો નથી.ટ્રસ્ટના મહામંત્રી ચંપતરાયના રાજીનામા બાબત મહારાજે કહ્યું હતું કે તેમણે સ્વેચ્છાએ પદત્યાગ કર્યો હતો. ટ્રસ્ટના બંધારણ મુજબ કોઈ પદાધિકારી રાજીનામું ધરે ત્યારે એ સ્વીકારવું જ પડે છે. ચંપતરાયને બલિનો બકરો બનાવવામાં આવ્યા એ વાત સાથે સંમત ન થતા મહારાજે કહ્યું હતું કે રાયની બેદરકારી એમને નડી, રાજીનામું આપ્યું એ પહેલાં જ તેમને આ વાતનો અહેસાસ થઈ ગયો હતો.તેમણે કહ્યુ હતું કે મારી ફરજ ટ્રસ્ટના ભંડોળની રકમ બેન્કમાં ડિપોઝીટ કરવામાં આવે તેના ઉપર નજર રાખવાની છે. પાંચ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ નિયમિત રીતે બેન્કના ખાતાની તપાસ કરતા હોય છે દાનચોરીના મામલામાં દાનપેટીઓમાં જમા થતી રકમ ઉપર હાથ મારવામાં આવ્યો હતો, ટ્રસ્ટની રકમ બેન્કમાં જમા કરવામાં આવી હતી એમાંથી ચોરી થઈ નહોતી એવી તેમણે સ્પષ્ટતા કરી હતી.રામ મંદિરમાં સોના-ચાંદીના ચઢાવાનો ક્યાંય પત્તો નથી લાગતો એવાં આક્ષેપને નકારતા મહારાજે કહ્યું હતું કે ૧૪૦૦ કરોડના ચઢાવાની ચોરીનો આક્ષેપ ખોટો છે. ટ્રસ્ટ તરફથી પ્રભુચરણે ધરવામાં આવેલી ૨,૯૨૬ કિંમની ચીજોની .યાદી જાહેર કરવામાં આવી છે અને દાતાઓને પણ અપીલ કરી છે કે તમે આપેલા દાનની કિંમતી ચીજો સલામત છે કે નહીં. બાકી અત્યારે એસઆઈટીની તપાસ ચાલું હોવાથી ટ્રસ્ટ તરફથી કોઈ વ્હાઈટ પેપર બહાર પાડવામાં નહીં આવે.

### ઇરાન પર USના હુમલા બાદ રશિયાના વિદેશ મંત્રી લાલચોળ!

# રશિયાએ અમેરિકા પર સમજૂતી કરાર તોડવાનો લગાવ્યો આરોપ

## રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે મોસ્કોમાં કહ્યું કે, અમેરિકાએ સમજૂતી કરાર (MoU)નું ઉલ્લંઘન કર્યું છે

મોસ્કો, તા.૧૫

ઈરાન પર અમેરિકાની તાજેતરની સૈન્ય કાર્યવાહીને લઈને રશિયાએ આકરી પ્રતિક્રિયા આપી છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યું કે, અમેરિકાએ તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે થયેલા સમજૂતી કરાર (MoU)નું ઉલ્લંઘન કર્યું છે. તેમનો આરોપ છે કે, અમેરિકી હુમલાઓથી માત્ર ઈરાન જ નહીં, પરંતુ પર્શિયન ગલ્ફ વિસ્તારના નાગરિક ઠેકાણાઓને પણ નુકસાન પહોંચ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારની સ્થિરતા સામે જોખમ ઊભું થયું છે.મોસ્કોમાં ચાડના વિદેશ મંત્રી સાથેની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સર્ગેઈ લાવરોવે કહ્યું કે, અમેરિકાની નવી સૈન્ય કાર્યવાહી એ સમજૂતીની ભાવના વિરુદ્ધ છે, જેના દ્વારા બંને દેશો વચ્ચેનો તણાવ ઓછો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સૈન્ય કાર્યવાહી કોઈ પણ વિવાદનો ઉકેલ ન હોઈ શકે.લાવરોવે દાવો કર્યો હતો કે, ઈરાનની સાથે-સાથે પર્શિયન ગલ્ફ સહયોગ પરિષદ (GCC)ના સભ્ય દેશોમાં પણ નાગરિકોના બુનિયાદી માળખાને નુકસાન પહોંચ્યું છે. તેમણે ચેતવણી આપી કે, આ પ્રકારના હુમલા ક્ષેત્રમાં અસ્થિરતા વધારશે અને શાંતિ સ્થાપવાના પ્રયાસોને નબળા પાડશે.રશિયાના વિદેશ મંત્રીએ કહ્યું કે, અમેરિકા સાથે ભવિષ્યમાં થનારા કોઈ પણ કરાર પર ભરોસો કરવો મુશ્કેલ છે. તેમણે અલાસ્કામાં પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી વાતચીતનો હવાલો આપતા કહ્યું કે, અગાઉ પણ અનેક સમજૂતી કરારનું સંપૂર્ણપણે પાલન કરવામાં નથી આવ્યું. ઈરાનના વિદેશ મંત્રાલયે અમેરિકી હુમલાઓને સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરનું ઉલ્લંઘન ગણાવ્યું છે. તેહરાનનું કહેવું છે કે, અમેરિકાએ યુદ્ધવિરામ અને તણાવ ઓછો કરવાની દિશામાં થયેલા પ્રયાસોને નબળા પાડ્યા છે. ઈરાને આરોપ લગાવ્યો કે, આ હુમલાઓમાં પરિવહન માળખા, માલવાહક જહાજો અને અન્ય નાગરિક સુવિધાઓને પણ નિશાન બનાવવામાં આવી છે.ઈરાને સુરક્ષા કારણોનો હવાલો આપતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જહાજોની અવરજવર કામચલાઉ ધોરણે રોકવાની જાહેરાત કરી છે. બીજી તરફ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે આ જળમાર્ગ પર અમેરિકાનું નિયંત્રણ છે અને તેને ફરીથી ખોલી દેવામાં આવ્યો છે. બંને દેશોના દાવાઓ વચ્ચે આ વિસ્તારમાં તણાવ સતત યથાવત છે.

### ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# અશાંત ધારાના સ્થાને સ્પેસિફાઈડ એરિયા શબ્દનો હવે થશે ઉપયોગ

## મિલકત વેચાણ અને વિવાદાસ્પદ વિસ્તારોને લઈને એક મહત્વપૂર્ણ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત સરકાર દ્વારા અશાંત ધારા અંતર્ગત એક મહત્વપૂર્ણ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે, જેમાં હવે અશાંત ધારાના બદલે સ્પેસિફાઈડ એરિયા (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ વિસ્તારો નક્કી કરવા માટે એક મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે, જેની સલાહના આધારે જે વિસ્તારોમાં કોમી તણાવ હોય અને ભવિષ્યમાં સ્થળાંતરની સંભાવના જણાય ત્યાં આ કાયદો લાગુ કરાશે.

મિલકત વેચાણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે કલેક્ટર કક્ષાએ તપાસ કરવામાં આવશે અને આ માટે એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવામાં આવશે. તપાસ બાદ જ વેચાણની મંજૂરી મળશે, અને જો ગેરકાયદેસર રીતે મિલકત ટ્રાન્સફર થઈ હશે, તો તે રદ કરીને છ માસમાં રકમ પરત કરી મિલકતનો કબજો પરત લેવાની જોગવાઈ કરવામાં આવી છે. આ સમગ્ર પ્રક્રિયા અંગેના વિસ્તૃત નિયમો સાથેનું નોટિફિકેશન સરકાર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. સરકારના નવા નોટિફિકેશન મુજબ, હવેથી અશાંત ધારા શબ્દ પ્રચલિત નહીં રહે. તેની જગ્યાએ સ્પેસિફાઈડ એરિયા (નિયત અથવા વિશિષ્ટ વિસ્તાર) શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે જ, કાયદાકીય પ્રક્રિયામાં ભોગ બનનાર વ્યક્તિ માટે પર્સન અગ્રીવડ જેવા શબ્દોનો ઉપયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. કોઈપણ વિસ્તારને સ્પેસિફાઈડ એરિયા જાહેર કરતા પહેલા હવે એક ખાસ મોનિટરિંગ એન્ડ એડવાઈઝરી કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીની સલાહ અને ભલામણોના આધારે જ રાજય સરકાર કોઈ વિસ્તારને સ્પેસિફાઈડ એરિયા તરીકે જાહેર કરશે.

જે વિસ્તારોમાં કોમી તણાવ રહેતો હોય અથવા ભવિષ્યમાં ત્યાંથી લોકોનું મોટા પાયે સ્થળાંતર થવાની સંભાવના હોય, તેવા વિસ્તારોને ખાસ ધ્યાન હેઠળ રાખીને સ્પેસિફાઈડ એરિયા જાહેર કરવામાં આવશે.

નવા નિયમો હેઠળ, સ્પેસિફાઈડ એરિયામાં આવતી મિલકતોના વેચાણ અંગેની પ્રક્રિયા વધુ કડક કરવામાં આવી છે. આવી મિલકતોના વેચાણ બાબતે કલેક્ટર કક્ષાએ તપાસ હાથ ધરવામાં આવશે. આ તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવશે. કોમી તણાવ કે શાંતિ ભંગ જેવી સ્થિતિની સઘન તપાસ કર્યા બાદ જ મિલકત વેચાણની મંજૂરી આપવામાં આવશે. જો કોઈ મિલકતનું ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવામાં આવ્યું હોય, તો તેવા કિસ્સામાં ટ્રાન્સફર રદ કરવામાં આવશે. એટલું જ નહીં, આવા કિસ્સામાં ખરીદનાર વ્યક્તિએ છ માસની અંદર રકમ પરત કરી મિલકતનો કબ્જો મૂળ માલિકને સોંપવાનો રહેશે. રાજ્ય સરકારના આ નવા નોટિફિકેશનથી મિલકત ટ્રાન્સફરની પ્રક્રિયા વધુ પારદર્શક અને કાયદાકીય રીતે સુરક્ષિત બનશે.

### ભારતના ડ્રીમ પ્રોજેક્ટ પર સંકટ

# ચાબહાર પોર્ટ પર અમેરિકાનો ભીષણ હુમલો, કંટ્રોલ ટાવર તબાહ

## અમેરિકાએ ઈરાનના ચાબહાર પોર્ટ પર બોમ્બમારો કરતા મરીન ટ્રાફિક કંટ્રોલ ટાવરને નિશાન બનાવ્યો છે

તેહરાન, તા.૧૫

અમેરિકાએ ઈરાન સ્થિત ચાબહાર પોર્ટ પર ભયાનક બોમ્બમારો કર્યો છે. અહેવાલો મુજબ, અમેરિકન સેનાએ આ મહત્વપૂર્ણ બંદર પર આવેલા મરીન ટ્રાફિક કંટ્રોલ ટાવર પર મિસાઈલો ઝીંકતા ટાવર સંપૂર્ણપણે તબાહ થઈ ગયો છે. એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં આ સુવિધા પર અમેરિકાનો આ બીજો સીધો હુમલો છે. અમેરિકાએ દક્ષિણ ઈરાનના ચાબહારમાં સામાન્ય નાગરિકોના ઉપયોગવાળા મેરીટાઈમ કંટ્રોલ ટાવરને નિશાન બનાવ્યો છે.વ્યૂહાત્મક દ્રષ્ટિએ આ પોર્ટ ઈરાન અને ભારત માટે ખૂબ જ મહત્ત્વનો છે. આ પોર્ટ હોર્મુઝ જળમાર્ગની બહાર ઊંડા પાણીમાં સ્થિત દેશનું એક માત્ર પોર્ટ છે, જે ઈરાનને ખાડી દેશોમાંથી પસાર થયા વિના સીધી હિંદ મહાસાગર સુધી પહોંચ આપે છે. તે ભારતની મદદથી બનેલા ચાબહાર કોરિડોરનું મુખ્ય કેન્દ્ર પણ છે, જે પાકિસ્તાનને સંપૂર્ણ બાયપાસ કરીને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાને જોડે છે. જોકે, આ હુમલો ભારતનો પ્રોજેક્ટ છે તે જ ચોક્કસ જગ્યા પર કરાયો છે કે કેમ તેની પુષ્ટિ થઈ શકી નથી.ચાબહાર પોર્ટ પર હુમલો થવો એ હોર્મુઝ ચોકપોઈન્ટની બહાર વેપાર કરવાની અને કામકાજ ચલાવવાની ઈરાનની ક્ષમતા પર સીધો પ્રહાર છે. ઈરાનના પોર્ટ્સ અને મેરીટાઈમ અફેર્સ ઓથોરિટીના જણાવ્યા મુજબ, હુમલાના કારણે વોચટાવરને મોટું માળખાગત નુકસાન થયું છે. આ ટાવરને ૯ જુલાઈએ થયેલા અગાઉના હુમલામાં પણ નુકસાન પહોંચ્યું હતું. આ ટાવરનો ઉપયોગ મુખ્યત્વે માછીમારોના રેસ્ક્યુ ઓપરેશન અને દરિયાઈ વેપારની સુરક્ષા જેવા નાગરિક કાર્યો માટે થતો હતો. હુમલાના કારણે પોર્ટ કોમ્પ્લેક્સમાં આવેલી બે ડોકિંગ સુવિધાઓને પણ નુકસાન થયું છે, જેના લીધે શહેર અને પોર્ટના કેટલાક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. ચાબહાર પોર્ટ ભારતની વિદેશ નીતિ અને વ્યૂહાત્મક રમતનો એક અત્યંત મજબૂત ભાગ અને ડ્રીમ પ્રોજેક્ટ રહ્યો છે. ભારતે પાકિસ્તાનને બાયપાસ કરીને અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને રશિયા સુધી વ્યાપારી પહોંચ બનાવવા માટે અહીં મોટું રોકાણ કર્યું છે. મે ૨૦૨૪માં જ ભારતે ચાબહારના શાહિદ બેહેશ્તી ટર્મિનલને ૧૦ વર્ષ સુધી ઓપરેટ કરવા માટે લાંબા ગાળાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતને આ મોટા પ્રોજેક્ટ પર અસર થવાને કારણે ભારે દેશોમાંથી તેલનો પુરવઠો ખોરવાવાને કારણે મોંઘવારી વધવાની ભીતિ સેવાઈ રહી છે.બીજી તરફ, હોર્મુઝ જળમાર્ગને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે અને ઈરાને ઈસ્લામાબાદ શાંતિ વાર્તાનો અંત લાવવાની જાહેરાત કરી દીધી છે.

### ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત

# ૨૩ વર્ષ બાદ ઇરાકમાંથી સંપૂર્ણપણે બહાર નીકળશે અમેરિકન સેના

વોશિંગ્ટન, તા.૧૫

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ)ના રાજકારણમાં એક બહુ મોટો અને ઐતિહાસિક બદલાવ આવી રહ્યો છે. વર્ષ ૨૦૦૩માં સદ્દામ હુસૈનના શાસનનો અંત લાવવા માટે ઈરાકમાં પ્રવેશેલી અમેરિકન સેના હવે આગામી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ત્યાંથી સંપૂર્ણપણે બહાર નીકળી જશે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાકના વડાપ્રધાન અલી અલ-ઝૈદી વચ્ચે વ્હાઈટ હાઉસમાં મળેલી બેઠક બાદ આ ઐતિહાસિક સૈન્ય વાપસીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.વ્હાઈટ હાઉસમાં યોજાયેલી સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યુંછે કે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં તમામ અમેરિકન સૈનિકો ઈરાકમાંથી સ્વદેશ પરત ફરી જશે. ટ્રમ્પે જણાવ્યું કે હવે ત્યાં અમેરિકન સેના રાખવાની કોઈ જરૂર નથી અને આગામી સમયમાં બંને દેશો વચ્ચેના સંબંધો સૈન્ય આધારિત નહીં, પરંતુ આર્થિક અને વ્યાપારી ક્ષેત્રના રહેશે. ઈરાકના પીએમ અલી અલ-ઝૈદીએ પણ આ નિર્ણયને આવકાર્યો છે.આ નિર્ણયને રણનીતિક વિશ્લેષકો ઈરાન (તેહરાન) ની એક મોટી વૈશ્વિક સફળતા તરીકે જોઈ રહ્યા છે. ઈરાન લાંબા સમયથી અમેરિકાને ઈરાક સહિત સમગ્ર મિડલ ઈસ્ટમાંથી પોતાનું સૈન્ય હટાવવા દબાણ કરી રહ્યું હતું. તાજેતરના સમયમાં ઈરાન સમર્થિત જૂથોએ ઈરાકમાં આવેલા અમેરિકન સૈન્ય ઠેકાણાઓ પર સતત રોકેટ અને ડ્રોન હુમલા કરીને અમેરિકા પર ભારે દબાણ ઊભું કર્યુ હતું.તાજેતરના સંઘર્ષ દરમિયાન ઈરાકમાં અમેરિકન સેનાને મોટું નુકસાન સહન કરવું પડ્યું છે. ઈરાનમાં જ ૬ અમેરિકન સૈનિકોના મોત થયા હતા અને ડઝનબંધ જવાનો ઘાયલ થયા હતા. આ ઉપરાંત, ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલામાં ઈરબિલ અને એન અલ-અસદ જેવા યુએસ સૈન્ય મથકોના ગોદામો, રનવે અને હેંગરને ભારે નુકસાન થયું હતું. રિપોર્ટ અનુસાર અમેરિકાને અંદાજે ૨.૩ થી ૨.૮ અબજ ડોલરના હાઈ-ટેક સૈન્ય ઉપકરણોનું નુકસાન થયું છે.

### ટ્રમ્પે કહ્યું- આવતા અઠવાડિયે પાવર પ્લાન્ટ અને પુલને ટાર્ગેટ કરીશું, જો કરાર નહીં થાય તો કંઈ બચશે નહીં

# અમેરિકાની સતત ચોથા દિવસે ઈરાન પર એરસ્ટ્રાઈક

## કતારના અલ-ઉદીદ એરબેઝની સેટેલાઇટ તસવીરોમાં અમેરિકી સેનાના એક વેરહાઉસને નુકસાન થયાના સંકેત મળ્યા છે

વોશિંગ્ટન, તા.૧૫

અમેરિકી સેનાએ મંગળવારે રાત્રે સતત ચોથા દિવસે ઈરાનના અનેક સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી. આ સાથે જ ઈરાની બંદરોની દરિયાઈ નાકાબંધી પણ શરૂ કરી દીધી છે. અમેરિકાનું કહેવું છે કે આ કાર્યવાહી ઈરાન પર દબાણ વધારવા માટે કરવામાં આવી રહી છે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું, “અમે મંગળવારે રાત્રે પણ હુમલો કરીશું, તેના પછીના દિવસે પણ કરીશું. આવતા અઠવાડિયે ઈરાનના વીજળીઘર અને પુલ પણ ટાર્ગેટ પર છે. જો સમજૂતી નહીં કરી, તો ત્યાં કંઈ જ નહીં બચે.”ટ્રમ્પે કહ્યું કે અમેરિકાના હુમલા ત્યાં સુધી ચાલુ રહેશે, જ્યાં સુધી ઈરાન વાતચીત માટે તૈયાર ન થઈ જાય. તેમણે એમ પણ કહ્યું કે જરૂર પડ્યે જમીની સૈન્ય અભિયાન પણ ચલાવી શકાય છે, જોકે આ માટે સહયોગી દેશોની મદદ લઈ શકાય છે.કતારના અલ-ઉદીદ એરબેઝની સેટેલાઈટ તસવીરોમાં અમેરિકી સેનાના એક વેરહાઉસને નુકસાન થયાના સંકેત મળ્યા છે. ઈરાની મીડિયા પ્રેસ ટીવીએ વીડિયો જાહેર કરીને દાવો કર્યો કે આ નુકસાન ઈરાનના તાજેતરના મિસાઈલ હુમલા બાદ થયું છે.અલ-ઉદીદ પશ્ચિમ એશિયામાં અમેરિકાનો સૌથી મોટો સૈન્ય અડ્ડો છે. તાજેતરના દિવસોમાં ઈરાને કતાર સહિત ખાડી દેશોમાં હાજર અમેરિકી ઠેકાણાઓ પર વળતા હુમલા કરવાનો દાવો કર્યો છે.જોકે, અમેરિકાએ હજુ સુધી આ સેટેલાઈટ તસવીરો કે વેરહાઉસને થયેલા નુકસાનની સત્તાવાર પુષ્ટિ કરી નથી. સ્વતંત્ર રીતે પણ આ દાવાઓની પુષ્ટિ થઈ શકી નથી.

# અમરેલીમાં પટેલ સંકુલ સ્થિત કોલેજોમાં 'ફ્રેશર્સ વેલકમ' કાર્યક્રમ યોજાયો




અમરેલી કે.પી. ધોળકિયા ઈન્ફોટેક મહિલા કોલેજ અને તા. ૧૧/૭/૨૦૨૬ ના રોજ લેઉવા પટેલ ટ્રસ્ટ બીબીએ મહિલા કોલેજ, અમરેલી ખાતે નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થિનીઓના સ્વાગતાર્થે 'ફ્રેશર્સ વેલકમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવી વિદ્યાર્થીનીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અને વિદ્યાર્થીનીઓએ ડાન્સ, કેટવોક, વિવિધ રમતો અને મનોરંજક પ્રવૃતિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### ગુજરાતના તમામ તાલુકાઓમાં યોજાશે પ્રાકૃતિક કૃતિ શાળાઓ : હિરેન હિરપરા

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતિક ખેતીના સંકલ્પને ખેતર સુધી પહોંચાડશે કિસાન મોરચો

### ગૌ આધારિત કૃષિ, ઓછો ખર્ચ અને સ્વસ્થ ધરતીના સંદેશ સાથે રાજ્યવ્યાપી અભિયાન







અમરેલી, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રાકૃતતક ખેતીને જનઆંદોલન બનાવવાના સંકલ્પને સાકાર કરવા ભારતીય જનતા પાર્ટી હકસાન મોરચા, ગુજરાત પ્રદેશ દ્વારા પ્રાકૃતિક કૃતિ શાળા રાજયવ્યાપી અભિયાનનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માજીનો શુભઆાશય પ્રધાનમંત્રીના આ વિઝન અને સંદેશને સરકારની યોજનાઓની સાથે સંગઠનાત્મક કાર્યો દ્વારા પણ પ્રત્યેક ગામડાઓ આને પ્રત્યેક ખેડૂત સુધી આસરકારક રીતે પહોંચાડવાનો છે.

આ અનુસંધાને, આ આભિયાનના પ્રારંભિક કાયાક્રમરૂપે ભારતીય જનતા કિસાન મોરચા દ્વારા આષાઢી બીજના પાવન આવસરે ગુરૂવાર, તા. ૧૬ જુલાઈ રોજ સવારે ૯:૦૦ કલાકે, દસક્રોઈ તાલુકાના પીરાણા ખાતે આવેલ કલ્કિ તીર્થધામ પ્રેરણાપીઠ ખાતે પ્રથમ ''પ્રાકૃતિક કૃતિ શાળા'' યોજાશે.

આ અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ તાલુકાઓમાં તબક્કાવાર આ પ્રકારની પ્રાકૃતિક કૃષી શાળાઓનું આયોજન કરીને ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતતક ખેતી, ઓછા ખર્ચો ગુણવત્તાયુકત ઉત્પાદન, જમીનની ફળદ્રુપતા, પર્યાવરણ સંરક્ષણ આને સ્વસ્થ કૃષી પધ્ધિતઓ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવશે.

આ અભિયાનનો મુખ્ય સંકલ્પ દરેક તાલુકામાં પ્રાકૃતિક કૃષી શાળાનું આયોજન, દરેક ગામડા આને ખેડૂત સુધી પ્રાકૃતિક ખેતી આંગે યોગ્ય માહિતી પહોંચે, ખેતીના ખર્ચામાં ઘર્ટાડો થાય સાથે જમીનમાં ફળદ્વપતામાં વધારો આને ગૌ સંવધાન દ્વારા પયાાવરણ સંતુલનની સાથે ખેડૂત સમૃધ્ધમાં વધારો કરવાનો છે.

આ કાર્યક્રમ દરમિયાન કૃતિ નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને તેના લાંબાગાળાના લાભો આંગે માર્ગદર્શન તેમજ દ્વિપક્ષીય સંવાદ કરવામાં આવશે.

ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીઓ પ્રાકૃતતક ખેતીને ખેડૂતોની આાવક, ધરતીના સ્વાસ્થ્ય આને માનવજીવનની સુખાકારી સાથે જોડીને રાષ્ટ્રીય દિશા આપી છે. કિસાન મોરચો આ વિચારને માત્ર સંદેશ સુધી મર્યાદિત નહીં રાખે, પરંતુ ગુજરાતના દરેક તાલુકાના ખેતર અને ખેડૂત સુધી પહોંચાડશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ''પ્રાકૃતિક કૃષી શાળા અભિયાન દ્વારા ખેડૂતોને માત્ર પ્રવચન નહીં, આત્યાર સુધીના સફળ પ્રયોગો અને સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આાવશે. ગૌ આાધારિત કૃષી દ્વારા ખેતી ખર્ચામાં ઘટાડો, જમીનની જીવંતતામાં વધારો આને ખેડૂતની આાર્થિક સક્ષમતા આ અભિયાનના મુખ્ય આધારસ્તંભ છે.

કાર્યક્રમમાં ગુજરાત ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ આને કિસાન મોરચાના પ્રદેશ પ્રભારી ભરતભાઈઈ પંડયા, ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ હિરેન હિરપરા, અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ શૈલેષભાઈ દાવડા, દસક્રોઈના ધારાસભ્ય બાબુલાલભાઈ પટેલ, કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, પ્રાકૃતિક કૃષી અને ગૌ સેવા સેલના પ્રદેશ કન્વીનર હર્ષદભાઈ પટેલ તથા ઓગ્રીકલ્ચર રિસર્ચ એન્ડ એગ્રો ડેવલપમેન્ટ સેલના પ્રદેશ કન્વીનર ડો. વી.પી. રામાણી પ્રેરક ઉપસ્થિતિ આપશે.

આ ઉપરાંત આમદાવાદ જિલ્લા કિસાન મોરચાના પ્રભારી કમલેભાઈ હાડી, આમદાવાદ જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલ, કિસાન મોરચાના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, કૃષી નિષ્ણાતો આને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેશે.

## પાના ૮ ઉપરનું ચાલું વડિયાનાં સુરગપરા તરફ જતો માર્ગ

આવે તેવી સ્થાનિકોની લોક માંગણી જોવા મળી રહી છે. બીજી બાજુ લોકો એવા પણ આક્ષેપો કરી રહ્યા છે કે વડિયામાં જયાં માણસોની અવાર જવર નથી પરંતુ નેતાઓનુ ઘર હોવાના કારણે ત્યાં રોડ મંજુર થઈને તુરંત નવા બંને છે. પરંતુ જયાંથી રોજ સમગ્ર વિસ્તારના લોકો પસાર થાય છે ત્યાં કોઈ રોડ બનાવવાની તસ્તી લેતું નથી. ત્યારે જો વડિયાના નેતાઓના ઘરના રસ્તાઓની યાદી પૂર્ણ થઈ ગઈ હોય તો તાકીદે સુરગપરાના મુખ્ય પ્રવેશદ્વાર સમો આ મહેતા લાઈનથી પટેલ લાઈન સુધીનો મુખ્ય પહોળો રસ્તો અને મહેતા લાઈનથી કન્યા વિદ્યાલય તરફ ચક્કી સુધી રસ્તો બનાવવો ખુબ જ આવશ્યક છે. હવે જોવાનું એ રહ્યું કે આ સમસ્યાનો અંત તંત્ર લાવે છે કે પછી લોકો કાયમી હાલાકી ભોગવશે તે તો આવનારો સમય જ બતાવશે.

## પાના ૧ ઉપરનું ચાલું ઢસા–રાજુલા રૂટ પર

ભાવનગર રેલવે મંડળના રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું હતું કે વન વિભાગ અને ભારતીય રેલવેના સંકલિત પ્રયાસોથી આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. સિંહોની અવરજવર અને તેમના પ્રાકૃતિક કોરિડોરને ધ્યાનમાં રાખીને આ અંડરપાસનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેથી વન્યજીવોને કોઈ અવરોધ વિના સુરક્ષિત માર્ગ મળી રહે.

આ સમગ્ર પ્રોજેક્ટ હેઠળ ઢસા–રાજુલા–પીપાવાવ રેલવે રૂટ પર કુલ પાંચ સ્થળોએ અંડરપાસ બનાવવામાં આવી રહ્યા છે. અંદાજે ૯.૪૨ કરોડના ખર્ચે હાથ ધરાયેલા આ કામમાં હાલમાં લગભગ ૮૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. બાકીનું કામ પણ ઝડપથી આગળ વધી રહ્યું છે અને ટૂંક સમયમાં આ પ્રોજેક્ટ પૂર્ણ થવાની શક્યતા છે. વન વિભાગના અંદાજ મુજબ આ વિસ્તારમાં આશરે ૩૦ જેટલા એશિયાટિક સિંહોનું નિયમિત નિવાસ અને અવરજવર રહે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં રેલવે ટ્રેક પાર કરતી વખતે સિંહોના અકસ્માતમાં મોતની ઘટનાઓ સામે આવી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રેલવે અને વન વિભાગે સંયુક્ત આયોજન કરીને સિંહોની હિલચાલના માર્ગોનું વૈજ્ઞાનિક અભ્યાસ કર્યા બાદ અંડરપાસ માટે સ્થળોની પસંદગી કરી છે.

અંડરપાસ તૈયાર થયા બાદ સિંહો ઉપરાંત દીપડા, નીલગાય, ચિતલ સહિત અન્ય વન્યજીવોને પણ સુરક્ષિત રીતે રેલવે ટ્રેક પાર કરવાની સુવિધા મળશે. આ પ્રોજેક્ટ માનવ–વન્યજીવ સહઅસ્તિત્વ અને આધુનિક વિકાસ વચ્ચે સંતુલન જાળવવાનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવી રહ્યો છે. વન્યજીવ સંરક્ષણની દિશામાં દેશનો આ પ્રથમ પ્રકારનો પ્રયાસ સફળ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નિષ્ણાતોના મતે આ મોડેલ સફળ સાબિત થશે તો ભવિષ્યમાં અન્ય વન્યજીવ વિસ્તારોમાં પણ આવી જ પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવી શકે છે, જેના પરિણામે રેલ અકસ્માતમાં વન્યજીવોના મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો થશે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૮૬ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ૩ | તલ કાળા | ૨૪૦૧ | ૩૨૮૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ૫ | બાજરો | ૫૧૧ | ૫૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૯ |
| ૭ | જુવાર | ૫૭૦ | ૧૩૧૭ |
| ૮ | મગ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | તુવેર | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ૧૦ | ચણા | ૯૭૫ | ૧૧૨૫ |
| ૧૧ | એરંડી | ૧૨૩૨ | ૧૨૩૨ |

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ બાદ સંગઠનમાં થઈ રહી છે નિમણૂંક

## અમરેલી જિલ્લા ભાજપની કારોબારીની રચના કરતાં પ્રમુખ અતુલ કાનાણી

### વિશેષ આમંત્રિત સભ્યો તરીકે જિલ્લા ભાજપનાં વરિષ્ઠ આગેવાનો





અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીનાં પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્મા, સંગઠન મહામંત્રી રત્નાકરજી, મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે તેમજ પ્રભારી અભયસિંહ ચૌહાણ સાથે પરામર્શ કર્યા બાદ અમરેલી જિલ્લા ભાજપનાં કારોબારી સભ્યોની યાદી જાહેર કરવામાં આવેલ છે. જેમાં શરદભાઈ કેશુભાઈ લાખાણી, દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા, મહાવીરબાપુ વલકુબાપુ ભગત, ભુપેન્દ્રભાઈ દેવકુભાઈ બસીયા, ભનુભાઈ જાગાભાઈ ડાભી, ધીરૂભાઈ રામભાઈ કોટડિયા, કેશુભાઈ મેપાભાઈ વાઘેલા, ઘનશ્યામભાઈ મનજીભાઈ સાવલિયા, રેખાબેન નવનીતરાય માવદીયા, મગનભાઈ નનુભાઈ કાનાણી, જીવનભાઈ સામતભાઈ બારૈયા, જીગ્નેશભાઈ મોહનભાઈ પટેલ, વંદનાબેન વિપુલભાઈ મહેતા, અલ્કાબેન રમેશભાઈ દેસાઈ, ભાવનાબેન મનસુખભાઈ ગોંડલીયા, મુકતાબેન રમેશભાઈ સરવૈયા, બકુલભાઈ દિવ્યકાંતભાઈ પંડયા, રંજનબેન રમેશભાઈ ગોહિલ, મંજુલાબેન ખોડીદાસભાઈ ચિત્રોડા, અલ્કાબેન દિનેશભાઈ ગોંડલિયા, દીપકભાઈ કુરજીભાઈ માલાણી, મયુરભાઈ કાળુભાઈ હીરપરા, દિનેશભાઈ ભગવાનભાઈ ત્રિવેદી, પારૂલબેન ચેતનભાઈ દાફડા, મહેશભાઈ જેઠાભાઈ ભાયાણી, વિરજીભાઈ વશરામભાઈ બોરીચા, અંબરિષભાઈ કિરીટભાઈ જોષી, ખોડાભાઈ હરિભાઈ ભુવા, વાલજીભાઈ ગોવિંદભાઈ વિંઝુડા, જશુબેન કાળુભાઈ સાકળિયા, મોટાભાઈ નાનભાઈ સવંટ, કિશોરભાઈ વ્રજલાલભાઈ ભટ્ટ, કિશોરભાઈ નારણભાઈ રેણુકા, કાંતિભાઈ પોપટભાઈ મકવાણા, દુર્લભભાઈ ઉકાભાઈ તરસરિયા, જયસુખભાઈ પ્રાગજીભાઈ સાવલિયા, ભરતભાઈ ધનજીભાઈ ઢોલા, રમેશભાઈ ગોરધનભાઈ માતરિયા, રીયાઝભાઈ ઈસ્માઈલભાઈ ખેરાણી (રાજુભાઈ મિલન), વિનુભાઈ રવજીભાઈ રૈયાણી, પ્રવિણભાઈ બાવચંદભાઈ માળવીયા, અનિગીરી કેવળગીરી ગૌસ્વામી, વિનુભાઈ બચુભાઈ વસોયા (માંડરડી વાળા), રોહિતભાઈ મણસુરભાઈ કારેતા, મનોજભાઈ વિઠ્ઠલભાઈ વાળા, કિરીટભાઈ લાલજીભાઈ પરવાડીયા, માધવીબેન કિશોરભાઈ ઈસામલીયા, રામભાઈ માધાભાઈ સાનેપરા, ચંપુભાઈ અનકભાઈ વાળા, ભરતભાઈ નાનજીભાઈ મકવાણા, અશોકભાઈ નારણભાઈ રાખોલિયા, ધર્મેન્દ્રભાઈ હીરાભાઈ ચૌહાણ, નિતેશભાઈ રનિભાઈ ડોડિયા, રાહુલભાઈ નારદભાઈ જોષી, વિનુભાઈ આણંદભાઈ વિસનગરા, રમિલાબેન ભીખુભાઈ ધોરાજીયા, ભુપતભાઈ ભાયાભાઈ વાળા, મિનાબેન મુકેશગીરી ગૌસ્વામી, અલ્કાબેન હરેશભાઈ પઢિયાર, દેવેન્દ્રભાઈ ચાંપરાજભાઈ ધાધલ, રાજુભાઈ વૃંદાવનભાઈ શિંગાળા, દીલુભાઈ સામતભાઈ ખુમાણ, પરશોતમભાઈ જીવરાજભાઈ રાખોલિયા, હીનાબેન અલ્કેશભાઈ ભટ્ટ, પુજાબેન જીગ્નેશભાઈ ઠાકર, લતાબેન ગંભીરસિંહ ચુડાસમા, આશાબેન સુરેશભાઈ ગોસાઈ, સંગીતાબેન શૈલેશભાઈ જાદવ, રીનાબેન દેવરાજભાઈ બાબરીયા, દર્શનાબેન હરેશભાઈ ત્રિવેદી અને લાલાભાઈ ચનાભાઈ મુંધવા જિલ્લાનાં વિવિધ વિસ્તાર, અલગ–અલગ વયજૂથ સહિત મહિલાઓ, યુવાનો, જ્ઞાતિ–મંડળોનાં સંચાલકો, વિવિધ ક્ષેત્રનાં પ્રતિષ્ઠિત આગેવાનોને અપાયું જિલ્લા કારોબારીમાં સ્થાન.

આ સાથે વિશેષ આમંત્રિત સભ્યો તરીકે અમરેલી જિલ્લા ભાજપના વરિષ્ઠ આગેવાનો, પાર્ટીના પૂર્વ પ્રમુખો, સાંસદો, પૂર્વ ધારાસભ્યો સહિત સહકારી અગ્રણીઓ તથા પ્રદેશનાં સિનિયર આગેવાનોને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાંશ્રી દિલીપભાઈ નનુભાઈ સંઘાણી, પુરષોત્તમભાઈ ખોડાભાઈ રૂપાલા, ભરતભાઈ મનુભાઈ સુતરીયા, કૌશિકભાઈ કાંતિભાઈ વેકરીયા, મહેશભાઈ લાલજીભાઈ કસવાલા, હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી, જયસુખભાઈ વલ્લભભાઈ કાકડિયા (જે.વી.), જનકભાઈ પુનાભાઈ તળાવીયા, હિરેનભાઈ કનુભાઈ હીરપરા, અનિભાઈ નટુભાઈ સાવલિયા, નારણભાઈ ભીખાભાઈ કાછડિયા, દિનેશભાઈ ભગવાનભાઈ પોપટ, બાલુભાઈ જીવરાજભાઈ તંતી, ડો. ભરતભાઈ જસવંતભાઈ કાનાબાર, પ્રાગજીભાઈ માધાભાઈ હીરપરા, મનસુખભાઈ રવજીભાઈ સુખડિયા, રાજેશભાઈ પોપટભાઈ કાબરિયા, મનસુખભાઈ પાંચાભાઈ ભુવા, બેચરભાઈ વિરજીભાઈ ભાદાણી, કાળુભાઈ વિરજીભાઈ વિરાણી, બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ, હનુભાઈ વિરજીભાઈ ધોરાજીયા, અંબરીષભાઈ જીવાભાઈ ડેર, મનીષભાઈ દિલીપભાઈ સંઘાણી, જયંતિભાઈ મોહનભાઈ પાનસુરિયા, મુકેશભાઈ નનુભાઈ સંઘાણી, શૈલેષભાઈ હરિભાઈ પરમારની નિયુકિતની જાહેરાત કરવામાં આવી છે તેમ જીલ્લા ભાજપનાં મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૦૫ | ૧૪૦૦ |
| ૨ | શિંગદાણા | ૧૫૬૫ | ૨૦૩૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૬૨૫ | ૧૮૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૨૨૦ | ૨૬૩૫ |
| ૫ | તલ કાળા | ૨૧૧૫ | ૩૮૦૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૦૦ | ૨૪૪૫ |
| ૭ | બાજરો | ૩૨૫ | ૪૮૦ |
| ૮ | જુવાર | ૪૭૫ | ૪૭૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૭૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૩૫ |
| ૧૧ | મગ | ૧૧૦૦ | ૧૫૬૫ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૧૪ | સફેદ ચણા | ૯૪૫ | ૧૧૫૦ |
| ૧૫ | છોલે ચણા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૧૬ | ચોળી | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૧૭ | તુવેર | ૯૬૦ | ૧૪૪૫ |
| ૧૮ | કપાસ | ૯૦૦ | ૧૯૬૦ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૨૦ | જીરૂ | ૨૨૦૦ | ૩૮૦૫ |
| ૨૧ | રાયડો | ૧૦૩૦ | ૧૩૬૦ |
| ૨૨ | રાય | ૧૫૦૦ | ૧૫૯૦ |
| ૨૩ | ધાણી | ૧૯૫૦ | ૩૦૦૫ |
| ૨૪ | અજમા | ૨૭૨૦ | ૨૭૨૦ |
| ૨૫ | મેથી | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૨૬ | સોયાબીન | ૧૧૨૦ | ૧૫૩૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૨૧ | ૧૮૦૫ |
| ૨ | મગફળી | ૧૧૦૫ | ૧૨૮૦ |
| ૩ | જીરૂ | ૩૧૪૦ | ૩૮૦૫ |
| ૪ | ચણા | ૧૧૪૦ | ૧૧૬૫ |
| ૫ | ઘઉં | ૪૮૧ | ૫૦૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ દાણા | ૧૮૦૦ | ૨૫૪૫ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૦૧ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૬૫૦ |
| ૪ | જીરૂ | ૩૫૦૨ | ૩૭૫૧ |
| ૫ | કપાસ | ૧૬૧૧ | – |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૦ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૪૯૦ |
| ૯ | સફેદ જુવાર | ૧૧૦૦ | ૧૨૪૫ |
| ૧૦ | મકાઈ | ૩૫૦ | ૪૮૦ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૫૫૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૨ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ૧૪ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૧૫ | કલોંજી | ૨૮૦૦ | ૩૨૯૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૦૩ |
| ૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૨૦ |
| ૩ | તુવેર | ૧૨૦૫ | ૧૩૪૫ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૧ | ૨૪૮૦ |
| ૫ | શીંગ દાણા | ૧૭૫૨ | ૨૦૦૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૭ | એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૩ |
| ૨ | જુવાર | ૯૩૫ | ૯૩૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૬ | ૫૦૧ |
| ૪ | ચણા સફેદ | ૯૦૫ | ૯૩૫ |
| ૫ | તલ સફેદ | ૨૩૯૫ | ૨૫૫૦ |
| ૬ | તુવેર | ૯૫૦ | ૧૨૧૦ |
| ૭ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૬૫૧ | ૧૯૬૦ |
| ૯ | સોયાબીન | ૧૦૦૦ | ૧૩૮૫ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૪૫ |
| ૧૧ | તલ કાળા | ૧૫૦૦ | ૨૧૯૦ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૨૦૧ |

### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ/ પરચુરણ અરજી.નં. ૧૯૬/૨૦૨૬ તા.૦૪/૦૭/૨૦૨૬

વિવાદી: **શ્રી સવજીભાઈ રામજીભાઈ કુંભાણી**
રે. મોટાદેવળીયા, તા. બાબરા, જિ.અમરેલી.

:: **વિરૂધ્ધ** ::

પ્રતિવિવાદી: જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી – મોટાદેવળીયા
મુ. મોટાદેવળીયા, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોટાદેવળીયા** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના બહેન શ્રી **મંજુલાબેન રામજીભાઈ કુંભાણી નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૪ના રોજ મોજે. મોટાદેવળીયા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૧૬/૦૬/૨૦૨૬** થી અરજી કરેલ છે, તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૮/૨૦૨૬ ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધા/તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર બાબરા**

### ફિટ ઈન્ડિયા અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ ફેલાવવા

# અમરેલીનાં સાયકલવીરોએ સાળંગપુર મંદિર સુધીની સાયકલ યાત્રા પૂર્ણ કરી

## ૧૫ સાયકલવીરોનુ સન્માન કરાયુ




અમરેલી, તા. ૧૫

ફિટ ઈન્ડિયા અને સ્વસ્થ જીવનશૈલીનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાના હેતુથી હનુમંત રાઈડર્સ, અમરેલી દ્વારા તા.૧૧/૭/૨૦૨૬ના રોજ રાત્રે ૧૦:૦૦ કલાકે અમરેલીથી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર, સાળંગપુર સુધીની આશરે ૧૦૧ કિલોમીટરની સાયકલ રાઈડનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ સાયકલ રાઈડમાં કુલ ૧૫ ઉત્સાહી સાયકલિસ્ટોએ ભાગ લીધો હતો, તમામ ૧૫ ઉત્સાહી સાયકલીસ્ટોએ નિર્ધારિત અંતર સફળતાપૂર્વક પૂર્ણ કરી પોતાની શારીરિક ક્ષમતા, આત્મવિસ અને રમતગમત પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું હતું.

આ રાઈડનું વિશેષ આકર્ષણ માત્ર ૯ વર્ષીય સૌથી નાની વયના સાયકલિસ્ટ વિવાન વિરેનભાઈ ભટ્ટ રહ્યા, જેમણે સમગ્ર અંતર સફળતાપૂર્વક પૂર્ણ કરીને સૌને પ્રેરણા આપી હતી. તેમની સિદ્ધિએ સાબિત કર્યું કે યોગ્ય તાલીમ, આત્મવિસ અને દઢ મનોબળથી નાની ઉંમરમાં પણ મોટા લક્ષ્યો હાંસલ કરી શકાય છે.રાઈડ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તમામ સાયકલિસ્ટોને કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર, સાળંગપુર ધામ ખાતેના સ્વામીજી મહારાજના વરદહસ્તે મેડલ એનાયત કરવામાં આવેલ તેમજ દરેકને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તેમજ તેમના ઉત્સાહ અને સમર્પણની પ્રશંસા કરવામાં આવી હતી. આ કાર્યક્રમથી સ્થાનિક નાગરિકોમાં સાયકલિંગ પ્રત્યે રસ અને સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અપનાવવાનો સકારાત્મક સંદેશ પ્રસરી રહ્યો છે.

આ પ્રસંગે હનુમંત રાઈડર્સના આયોજકોએ વિશાલભાઈ ગઢીયા તથા વિરેનભાઈ ભટ્ટએ જણાવ્યું હતું કે આવી સાહસિક પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોમાં ફિટનેસ, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, શિસ્ત અને સહનશકિતનો વિકાસ થાય છે. ભવિષ્યમાં પણ આવી વધુ સાહસિક અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

### ડાકોર સહિતનાં સ્થળોએથી પસાર થતી

# સાવરકુંડલા – મંદોર રૂટની એસ.ટી. બસને વાયા દામનગર ચલાવવા માંગ

## સ્થાનિક વેપારીઓ સહિત સૌને લાભ મળે

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા – મંદોર બસને વાયા દામનગર થઈને ચલાવવા ઉઠેલી માંગ. એસ.ટી. અધિકારીઓ યોગ્ય કાર્યવાહી કરે.

અમરેલી વિભાગની સાવરકુંડલા ડેપોની સાવરકુંડલા– મંદોર એકસપ્રેસ બસ બપોરનાં ૨:૩૦ કલાકે ઉપડીને અમરેલી, લાઠી, ઢસા ચોકડી, ગઢડા, બોટાદ, સાળંગપુર, બરવાળા, ધંધુકા, ફેદરા, આણંદ, ડાકોર, સેવાલિયા, ગોધરા, સંતરોડ, દાહોદ થઈને રાત્રે ૨:૨૦ વાગ્યા આસપાસ પહોંચતી આ બસને લાઠીથી દામનગર થઈને ઢસા ચોકડી રૂટ મુજબ ચલાવવા માંગ ઉઠી છે. આજ રૂટ પરથી દાહોદ ડેપોની મંદોર– સાવરકુંડલા ઉપર પ્રમાણેનો રૂટ મુજબ બપોરના ૪:૪૫ કલાકે ઉપડીને રાત્રે ૪:૩૦ કલાકે સાવરકુંડલા પહોંચતી આ બંને તરફના રૂટની બસને દામનગર થઈને ચલાવાય તો આ વિસ્તારના લોકોને દેવ મંદિરોનો લાભ મળી શકે અને સામાજીક અને વેપારને લગતા કાર્યો માટે વિશેષ લાભ મળી જાય તેમ હોય આ બંને જીલ્લાના વિભાગીય નિયામકોએ આ માંગને ધ્યાનમાં લઈને યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. એવી આશા રાખવામાં આવી રહી છે.

### પાલિકાનાં સદસ્યએ ચીફ ઓફિસરને રજૂઆત કરી

# સાવરકુંડલાનાં વોર્ડ-૬નાં નદીકાંઠા વિસ્તારમાં ગટર કનેકશન કપાતા ગંદુ પાણી નદીમાં જઈ રહ્યું છે

## જનઆરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થયાનું જણાવ્યું

સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા વિકાસના નામે કરાયેલ કામગીરી નાગરિકો માટે માથાનો દુ:ખાવો બની છે. વોર્ડ નં. ૬ના નાવલી નદી કાંઠા વિસ્તારમાં નવી ગટર લાઈન નાખ્યા બાદ પણ જોડાણ ન અપાતા છેલ્લા ચાર મહિનાથી ગંદુ પાણી સીધું નદીમાં જઈ રહ્યું છે.!!! આ બાબતે સાવરકુંડલા નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ ચીફ ઓફિસરને લેખિત ફરિયાદ કરી છે. તેમણે જણાવ્યું કે ઈન્દિરા વસાહત નદી કાંઠા વિસ્તાર, બીડી કામદાર સોસાયટી નદી કાંઠા વિસ્તાર અને સંત કબીર સોસાયટી નદી કાંઠા વિસ્તારમાં રહેતા નાગરિકોને અગાઉ જુની ગટર લાઈનનું જોડાણ હતું.નગરપાલિકા દ્વારા નવી ગટર લાઈન નાખવામાં આવી, પરંતુ કામ પૂર્ણ કરતી વખતે આ વિસ્તારના તમામ ઘરોના જુના ગટર કનેકશનો કાપી નાખવામાં આવ્યા. છેલ્લા ચાર મહિનાથી નવી લાઈનમાં જોડાણ ન થતાં જુની લાઈનનું તમામ ગંદુ અને દુર્ગંધ મારતું પાણી ખુલ્લેઆમ નાવલી નદીમાં ઠલવાઈ રહ્યું છે.!!

ધર્મેન્દ્ર મહેતાએ જણાવ્યું કે, આના કારણે નદી કાંઠે રહેતા સેંકડો લોકોના આરોગ્યને ગંભીર જોખમ છે. નદીનું પાણી પ્રદૂષિત થવા ઉપરાંત મચ્છર અને રોગચાળો ફેલાવાની શકયતા પણ વધી છે. વળી ગુજરાતમાં તાજેતરમાં ચાંદીપુરાના વાયરસે પણ માથું ઊંચકયું છે એવી વેળાએ એક સભ્ય સમાજમાં આવું ગંદુ પાણી સરેઆમ નદીમાં ઠલવાઈ એ કેટલા અંશે વ્યાજબી કહેવાય..? આમ તો આપણે નવલગંગાના નામથી નાવલીએ સન્માનિત કરતાં હોઈએ છીએ વળી નદીને માતા ગણીને તેની આરતી ઉતારવા સુધ્ધાની ગુલાબી વાતો કરતા હોઈએ ત્યારે આવું દુર્ગંધ મારતું માથું ફાડી નાખે એવું દુર્ગંધ ફેલાવતું ગંદુ પાણી નદીમાં જ ખુલ્લેઆમ વહેતું હોય એ આરોગ્ય માટે સંપૂર્ણ રીતે નુકસાનકારક હોય એ વાત પણ હેલ્થ અને સેનિટેશન માટે જાહેર વ્યવસ્થા માટે નોંધ લઈને યુધ્ધના ધોરણે કામગીરી કરવી જોઈએ એવું મંતવ્ય પણ શહેરના પ્રબુદ્ધ નાગરિકોમાં ચર્ચાઈ રહ્યું છે.આ સંદર્ભે નગરપાલિકા સદસ્ય કે જેને હૈયે આ વિસ્તારના નાગરિકોનું હિત વસેલું હોય ત્યારે કોઈના અળખામણા થઈને પણ આ વિસ્તારના નાગરિકો માટે નગરપાલિકા તંત્ર પાસે માંગ કરી છે કે તાત્કાલિક ધોરણે તમામ કપાયેલા કનેકશનોને નવી ગટર લાઈન સાથે જોડવામાં આવે. જો શકય ન હોય તો વૈકલ્પિક વ્યવસ્થા કરી ગંદુ પાણી નદીમાં ન જાય તેની વ્યવસ્થા કરવામાં આવે. આ બાબતને અગ્રતા આપી ૭ દિવસમાં નિકાલ કરવામાં આવે. વળી લોકોમાં એવી ચર્ચાએ પણ જોર પકડયું છે કે વોર્ડ નંબર ૬ના લોકપ્રશ્નોને વાચા આપવા માટે આ સદસ્ય સતત પ્રયત્નશીલ રહે છે તો અન્યએ પણ આવી સમસ્યાના નિરાકરણ માટે આગળ આવવું જોઈએ કે નહીં ? એવો અણિયાળો સવાલ બુધ્ધિજીવોમાં ચર્ચાઈ રહ્યો છે. પાલિકા સદસ્યએ એમ પણ જણાવ્યું કે આ અંગે ઈ-નગર પોર્ટલ પર પણ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જો સમય મર્યાદામાં નિકાલ ન થાય તો આંદોલનની ચીમકી પણ આપવામાં આવી છે.

# લીલીયા મોટા : કોલેજ ખાતે 'મહિલા સુરક્ષા લિંગભેદ' અંગે વ્યાખ્યાન યોજાયું



અમરેલી, તા. ૧૫

લીલીયામોટા સરકારી વિનયન અને વાણિજય કાલેજના CWDC, સમાજશાસ્ત્ર વિભાગ તથા NSSના સંયુક ઉપક્રમે મહિલા સુરક્ષા, લિંગભેદ અને કાર્યસ્થળે થતી જાતિય સતામણી જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર એક વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે બાબરા કાલેજના અધ્યાપક ડો. રાધિકાબેન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્ત્રી-પુરૂષ સમાનતા અને મહિલાઓના કાયદાકીય અધિકારો વિશે વિદ્યાર્થીનીઓને સચોટ માર્ગદર્શન આપતા જણાવ્યું કે, ''મહિલાઓએ પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઈ અન્યાય સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય છે.''

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી કાલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ તકે CWDCના કન્વીનર ડો. વિરાજબેન રાઠોડ, સમાજશાસ્ત્ર વિભાગના ડો. મહેશ ગઢીયા અને ડો. પ્રદીપ બલોલીયા તેમજ NSS પ્રોગ્રામ ઓફિસર દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદ્‌બોધન પૂરૂ પાડવામાં આવ્યું હતું. કોલેજના સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આ ચર્ચા-વિચારણામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## બેસણું



અ.નિ.દામજીભાઈ કરશનભાઈ હડીયલ (ઉ.વ.૭૭)

અક્ષર નિવાસી તા.૧૪-૦૭-૨૦૨૬, મંગળવાર

અમારાં જીવન રક્ષક અને પ્રેરણા સ્તોત્ર અમારા પિતાશ્રી છોડી ગયા જીવન છતા જીવીત હોવાનો ભાસ છે, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના..

સદ્દગતનું બેસણું
તારીખ : ૧૯-૦૭-૨૦૨૬ ને ગુરૂવાર.
સમય : સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાકે રાખેલ છે.
સ્થળ : સતવારા સમાજ વાડી, હોસ્પિટલ રોડ, ગામ. બગસરા. જી. અમરેલી

અ.નિ.યોગેશભાઈ દામજીભાઈ હડીયલ

જયેશભાઈ દામજીભાઈ હડીયલ | પિયુષભાઈ દામજીભાઈ હડીયલ

મે. દામજીભાઈ કરશનભાઈ હડીયલ

તથા હડીયલ પરિવારના જયશ્રી સ્વામીનારાયણ (મુ. બગસરા)

# ટીંબી : સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ VTV NEWS હેલ્થ કોન્કલેવ અને એવોર્ડથી સન્માનિત



ટીંબી, તા. ૧૫

અમદાવાદ મુકામે હોટેલ કાઉન પ્લાઝામાં ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ સ્પોન્સરશીપ અંતર્ગત VTV NEWS, અભિયાન સાપ્તાહિક તથા સમભાવ ગૃપનાં સંયુકત ઉપક્રમે હેલ્થ કોન્કલેવ અને એવોર્ડ-૨૦૨૬ અર્પણ વિધિ કાર્યક્રમમાં સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) ને આ એવોર્ડ ગુજરાત સરકારનાં આરોગ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયાનાં હસ્તે તેમજ ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગનાં અધિકારીઓ તેમજ સમગ્ર રાજયનાં આરોગ્યક્ષેત્રે કાર્યરત વિશિષ્ટ મહાનુભાવોની ઉપસ્થિતિમાં હોસ્પિટલ વતિ વહીવટકર્તા ટ્રસ્ટીઓને અર્પણ કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ એવોર્ડ પસંદગી માટે ગુજરાતની ટ્રસ્ટ સંચાલિત સેવાભાવી અને આરોગ્યક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરતી પાંચ હોસ્પિટલોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબી આ એવોર્ડ માટે પસંદગી પામેલ છે જે આપણા સહુ માટે ગૌરવની વાત બની છે.

### શશાંક મહાજન પાર્ટી પ્લોટ ખાતે

# અમરેલીમાં આજે ગુણવંતરાય (ભલાભાઈ) વિઠ્ઠલાણીની પ્રાર્થના સભા યોજાશે

## બપોરે ૪ થી સાંજના ૬ સુધી પ્રાર્થના સભા


અમરેલી, તા.૧૫

અમરેલીમાં આવતીકાલ ગુરૂવારે બપોરે ૪ થી સાંજના ૬ સુધી ગુણવંતરાય (ભલાભાઈ) લક્ષ્મીદાસ વિઠ્ઠલાણી ની પ્રાર્થનાસભા યોજાશે.

સદ્‌ગતનું તાજેતરમાં ૮૫ વર્ષની જૈફવયે અમદાવાદ ખાતે અવસાન થયેલ છે.



# વડિયામાં લાંબા અંતર બાદ વરસાદનું જોરદાર ઝાંપટુ પડયું



વડિયા, તા.૧૫

વડિયા ખાતે આજે સવારે લાંબા અંતર બાદ વરસાદનું જોરદાર ઝાંપટુ પડી જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

### કોંગી અગ્રણી અનકભાઈનુ નિવેદન

# બગસરાનાં પોલીસ લોક દરબારમાં કોંગ્રેસનાં આગેવાનોની બાદબાકી

## તમામ આગેવાનોને આમંત્રણ આપવુ જોઈએ

અમરેલી, તા. ૧૫

અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ અનકભાઈ વાળાએ પ્રેસ મીડિયાને જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી પીઆઈ પોતાના લાગતા વળગતા લોકોને આમંત્રણ દેતા હોય તો આ તહેવારને અનુલક્ષીને દરેક લોકોને શાંતિ સમિતિમાં આમંત્રિત કરવા જોઈએ પરંતુ આ શાંતિ સમિતિનો કોઈ મિનિંગ રહેતો નથી માત્ર કાગળ ઉપર જ શાંતિ સમિતિની મીટીંગની નોંધ લેવાતી હોય તેવું લાગી રહ્યું છે આની પહેલાના પી.આઈ. બધાને સાથે રાખીને મીટીંગ કરતા હોય આ બાબતે એસપી ધ્યાન દોરે તેવી રાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓની લોક માંગણી છે.

# ભૂરખીયા હનુમાનજી દાદાનાં મંદિરે આજે નેત્ર નિદાન કેમ્પ યોજાશે


અમરેલી, તા. ૧૫

લાઠી તાલુકાના ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે આજે તા. ૧૬/૭/૨૦૨૬ને ગુરૂવારના સવારના ૮ થી બપોરનાં ૧૨ સુધી રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે ૧૦૦મા નેત્ર નિદાન કેમ્પમાં લાભ લેવા આવનાર દર્દીઓએ આધાર પુરાવા સાથે આવી જવા આયોજકોએ જણાવેલ છે. મોતીયોના ઓપરેશન વિના મૂલ્યે કરી અપાશે. અને નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી આપશે. સુદર્શન નેત્રાલય અમરેલીના ડોકટર સહિતની ટીમ સેવા આપશે.

### ભગવાન શ્રીકૃષ્ણ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામની

# આજે જગ્ન્નાથપૂરી, અમદાવાદ સહિત સમગ્ર વિશ્વમાં ''રથયાત્રા'' યોજાશે

## બ્રહ્મપુરાણ, સ્કંદ પુરાણમાં પણ રથયાત્રાનું વર્ણન જોવા મળે છે



અમરેલી, તા. ૧૫

અમદાવાદમાં અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન થાય છે. આ રથયાત્રામાં લાખો હરિભક્તો ભગવાનના દર્શનનો લાભ લે છે.ભગવાન જગન્નાથજી સાધુ નરસિંહદાસના સ્વપ્નમાં આવ્યા અને તે ઘટના પછી જગન્નાથ મંદિરના મહંત નરસિંહદાસજીની આગેવાનીમાં ઈ.સ.૧૮૭૮ની અષાઢી બીજથી શરૂ થયેલ છે. અહીં ૧૪૮ વર્ષથી રથયાત્રા યોજાય છે, અહીં જમાલપુરમાં આવેલા ચારસો વર્ષ જૂના જગન્નાથ મંદિરમાંથી સવારે રથયાત્રાનો પ્રારંભ થાય છે અને કુલ ચૌદ કિ.મી.નું અંતર કાપી સાંજે ફરી મંદિરે આવે છે.આ રથયાત્રાના એક પખવાડીયા પહેલાં એટલે કે જેઠ માસની પૂનમના દિવસે જગન્નાથજીનો સ્નાન ઉત્સવ યોજાય છે આ પ્રસંગે મંદિરમાં રહેલી મૂર્તિઓને સરઘસ સ્વરૂપે સાબરમતી નદીના કિનારે પવિત્ર સ્નાન માટે લઈ જવાય છે. આ યાત્રામાં ૧૮ થી ૨૦ હાથીઓ સાથે હજારો ભકતો માથે પિત્તળનાં પાણી ભરેલા ઘડા લઈને જોડાય છે. સ્નાન પછી મૂર્તિઓને સરસપુરના રણછોડજી મંદિરે લઈ જવાય છે ત્યાં વિરામ પછી જગન્નાથજી મંદિરે પરત લવાય છે અને ત્યાં હજારો શ્રધ્ધાળુઓની હાજરીમાં મહાઅભિષેક કરવામાં આવે છે.રથયાત્રા સવારે સાત વાગ્યાની આસપાસ શરૂ થાય છે, એ પહેલાં પરંપરાગત રીતે ગુજરાતના મુખ્યમંત્રી મંગલા આરતીમાં હાજર રહે છે અને રથયાત્રાના માર્ગની સફાઈના પ્રતિકરૂપ 'પહિંદ વિધી' કરે છે. રથયાત્રા બપોરે સરસપુર ખાતે રોકાય છે, જયાં સ્થાનિક નિવાસીઓ દ્વારા ભગવાન જગન્નાથ અને સઘળાં યાત્રિકો, શ્રધ્ધાળુઓને મહાભોજ (પ્રસાદીરૂપે ભોજન) કરાવાય છે. સાંજે આઠ વાગ્યાની આસપાસ રથયાત્રા ફરીને જગન્નાથ મંદિરે પરત આવે છે.આ રથયાત્રામાં ત્રણ મુખ્ય રથો સાથે ૧૮ થી ૨૦ શણગારેલા હાથી અને વિવિધ અખાડાનાં સાધુઓ અને તેમનાં મહંતોની સવારીઓ પણ હોય છે. અમદાવાદની રથયાત્રા પુરીની રથયાત્રા પછીની દ્વિતિય ક્રમની સૌથી મોટી અને સેથી જૂની રથયાત્રા છે.આ રથયાત્રાની શરૂઆતની કથા એવી છે કે એકવાર ભગવાન શ્રીકૃષ્ણ-બલરામનાં બહેન સુભદ્રાજી અષાઢ મહિનામાં પોતાના પિયર દ્વારીકા આવે છે ત્યારે તેઓ પોતાના ભાઈઓને નગર દર્શનની ઈચ્છા દર્શાવે છે. બહેનની ઈચ્છા પુરી કરવા ભગવાન શ્રીકૃષ્ણ (જગન્નાથ) અને બલરામ જુદા જુદા રથમાં બેસે છે અને બહેન સુભદ્રાજીનો રથ વચ્ચે રાખવામાં આવે છે અને દ્વારીકા નગરીમાં નગરચર્ચા માટે નીકળ્યા હતા તેની યાદગીરીરૂપે દર વર્ષે રથયાત્રા કાઢવામાં આવે છે.રથયાત્રા તે ભગવાન જગન્નાથ-બલરામ અને સુભદ્રા સાથે સંકળાયેલો એક હિંદુ તહેવાર છે, જે ભારતભરમાં ગુજરાતી પંચાંગ પ્રમાણે અષાઢ સુદ બીજને દિવસે મનાવવામાં આવે છે.ભગવાન જગન્નાથનું મૂળ મંદિર ઓરિસ્સાના જગન્નાથપુરી શહેરમાં આવેલું છે. દરરોજ ભકતોએ ભગવાનનાં દર્શન કરવા ભગવાન પાસે જવું પડે છે પરંતુ રથયાત્રાના દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને પોતાનાં ભકતો પાસે જાય છે.ભગવાન શ્રીકૃષ્ણ તેમના ભાઈ ભગવાન બલરામ સાથે દ્વારકાની બહાર ગયા હતા ત્યારે કૃષ્ણ ભગવાનની ૧૬૧૦૮ રાણીઓએ રોહિણી માતાને પુછયુ કે અમે કૃષ્ણ ભગવાનની આટલી સેવા કરીએ છે છતા કૃષ્ણ ભગવાન આખો દિવસ રાધાનું નામ કેમ લે છે ત્યારે રોહિણી માતા બોલ્યા જો કૃષ્ણ અને બલરામ રાજમહેલમા ન પ્રવેશે તો હું કહું. રાણીઓએ વિચાર કરીને સુભદ્રાને દરવાજાની બહાર ધ્યાન રાખવા ઉભા રાખ્યા અને કહ્યુ કે કોઈને અંદર પ્રવેશવા ન દેતા, પછી રોહિણી માતાએ કથા ચાલુ કરી. સુભદ્રા દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા ત્યારે કૃષ્ણ અને બલરામ પાછા આવ્યા તો એમણે જોયુ કે સુભદ્રા દરવાજા પર કાન રાખીને ઉભા છે. કૃષ્ણ અને બલરામ રાજમહેલમાં પ્રવેશવા ગયા તો સુભદ્રાએ તેમને રોકયા તો કૃષ્ણ અને બલરામ સુભદ્રાની જેમ દરવાજા પર કાન રાખીને અંદરની કથા સાંભળવા લાગ્યા ત્યારે અચાનક ભકિતના ભાવને લીધે ત્રણેના હાથ અને પગ સંકોચાવા માંડયા અને આંખો મોટી થવા માંડી ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનને મળવા નારદમુનિ દ્વારકા આવ્યા તો તેમણે જોયુ કે કૃષ્ણ ભગવાનના હાથ અને પગ સંકોચાઇ ગયા હતા અને આંખો મોટી થઈ ગઈ હતી. નારદમુનિએ કૃષ્ણ ભગવાનને કહ્યું કે તમારૂં આ રૂપ જગતને બતાવો તો કૃષ્ણ ભગવાને નારદ મુનિને આ રૂપ કળિયુગમાં જગતને બતાવવાનુ વચન આપ્યુ.

ભારતમાં મુખ્ય રથયાત્રા જગન્નાથપુરીની રથયાત્રા છે, આ ઉપરાંત અનેક શહેરોમાં આ જ દિવસે રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતમાં અમદાવાદના જગન્નાથ મંદિરેથી નીકળતી રથયાત્રા ગુજરાતની સૌથી મોટી રથયાત્રા છે, બીજા ક્રમે વડોદરામાં ઈસ્કોન દ્વારા આયોજીત થતી રથયાત્રાને ગણાવી શકાય છે. આ સિવાય સૂરતમાં પણ ઈસ્કોન દ્વારા આ જ દિવસે રથયાત્રાનું આયોજન મોટે ભાગે દર વર્ષે કરવામાં આવે છે.જગન્નાથ, સુભદ્રા અને બલરામની મૂર્તિઓનું જગન્નાથ મંદિરમાં તો આખું વર્ષ પૂજન અર્ચન કરાય જ છે પણ વર્ષમાં એક વખત અષાઢી બીજના દિવસે ત્રણે મૂર્તિઓને મોટા મોટા રથમાં પધરાવી બડા ડન્ડા તરીકે ઓળખાતી પુરીની મુખ્ય બજારમાં થઈ આશરે ત્રણ કિ.મી. દૂર સ્થિત ગુંડિચ મંદિરે લવાય છે અને જાહેર જનતાને દર્શનનો લાભ આપવામાં આવે છે. આ તહેવાર 'રથયાત્રા' તરીકે ઓળખાય છે. આ રથ ખુબ જ મોટાં પૈડાંવાળા સંપૂર્ણ કાષ્ટનાં બનેલા હોય છે. જે દર વર્ષે નવા બનાવાય છે અને તેને ભાવિકજનો દ્વારા ખેંચીને લઈ જવાય છે. જગન્નાથજીનો રથ આશરે ૪૫ ફીટ ઊંચો અને ૩૫ ફીટનો ચોરસ ઘેરાવો ધરાવતો હોય છે જેને બનાવતા બે માસ જેટલો સમય લાગે છે. પુરીનાં કલાકારો અને ચિત્રકારો આ રથનાં વિશાળ પૈડાંઓ કાષ્ટમાંથી કોતરેલા રથ અને ઘોડાઓ પર ફૂલપાંખડીઓ અને અન્ય આકૃત્તિઓ ચીતરે છે તેમજ સુંદર રીતે શણગારે છે. રથના સિંહાસનની પીઠિકા પર પણ ઉલટા કમળફૂલોની આકૃત્તિઓ ચિતરવામાં આવે છે. આ રથયાત્રાને 'ગુંડીચ યાત્રા' પણ કહેવામાં આવે છે.

રથયાત્રા સાથે સંકળાયેલી ખાસ નોંધપાત્ર વિધિ 'છેરા પહેરા'ની છે. જેમાં તહેવાર દરમિયાન, ગજપતિ રાજા (ગજપતિ રાજયનો રાજા) સફાઈ કામદારનો પહેરવેશ સજી અને મૂર્તિઓ તથા રથની આસપાસની જગ્યા પાણી વડે ધોવાની વિધિ કરે છે, તે ઉપરાંત રથયાત્રાનાં આગમન પૂર્વે રાજા, અત્યંત ભકિતભાવથી સોનાનાં હાથાવાળા સાવરણાથી રથયાત્રાનો માર્ગ વાળે છે તેમજ તે પર સુખડકાષ્ટનું સુગંધી જળ અને પાવડર છાંટે છે. રીવાજ પ્રમાણે ગજપતિ રાજા એ કલિંગ સામ્રાજયનો સર્વોચ્ચ હોદ્દેદાર અને મહાનુભાવ વ્યકિ ગણાય છે, તે પણ જગન્નાથજીની સેવામાં નાનામાં નાનું કામ પણ કરે છે અને એ દ્વારા આશય એવો સંદેશ આપવાનો હોય છે કે ભગવાન જગન્નાથજી સમક્ષ મહાશકિતશાળી સમ્રાટ કે સામાન્ય ભકત વચ્ચે કોઈ ભેદ હોતો નથી.ચેર પહરની વિધિ બે દિવસ સુધી કરાય છે.રથયાત્રાના પ્રથમ દિવસે જયારે મૂર્તિઓને મેસીમાં મંદિર (ફૂલઘર) તરફ લઈ જવાય છે ત્યારે અને પછી છેલ્લા દિવસે જયારે મૂર્તિઓને ફરી શ્રી મંદિર તરફ લઈ જવાય છે ત્યારે એક અન્ય વિધિ મૂર્તિઓને મંદિરમાંથી રથ પર પધરાવવાની હોય છે જે 'પહાંદી વિજય' કહેવાય છે. રથયાત્રાના તહેવારમાં મૂર્તિઓને જગન્નાથ મંદિરેથી રથમાં ગુંડિચા મંદિરે લઈ જવાય છે જયાં તે નવ દિવસ સુધી રહે છે, તે પછી મૂર્તિઓ ફરી રથ પર બિરાજીને મંદિરે પધારે છે એને 'બહુડા યાત્રા' કહે છે. આ પરત વેળાની યાત્રામાં ત્રણે રથ મેસીમા મંદિરે વિરામ લે છે અને ત્યાં ભાવિકો 'પોડા પીઠા' (જે બહુધા ગરીબ લોકોના મુખ્ય ખોરાક સમો એક પ્રકારનો રોટલો હોય છે)નો પ્રસાદ લે છે.જગન્નાથની આ રથયાત્રા છેક પુરાણકાલિન હોવાનું જણાય છે. બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ અને સ્કંદપુરાણમાં આ રથયાત્રાનું આબેહુબ વર્ણન જોવા મળે છે. કપિલ સંહિતામાં પણ રથયાત્રાનો ઉલ્લેખ મળે છે. મુઘલકાળ દરમિયાન પણ જયપુર રાજસ્થાનના રાજા રામસિંહે પણ ૧૮મી સદીમાં પુરી ખાતે યોજાતી જગન્નાથજીની રથયાત્રાનું વર્ણન કરેલું છે. ઓડિશામાં મયુરભંજ અને પર્લાખેમુંડીના રાજાઓ પણ પુરીની જેમ જ રથયાત્રા યોજતા હતા. ભારતની બહાર પણ અનેક દેશોમાં છેલ્લાં ચાલીસેક વર્ષથી રથયાત્રોનું આયોજન થાય છે જેનો શ્રેય ઈસ્કોનના સંસ્થાપક આચાર્ય એ.સી. ભકિતવેદાંત સ્વામીને જાય છે. જગનાથ પુરીમાં દર વર્ષે ભગવાનનાં ત્રણે રથો નવેસરથી તૈયાર કરવામાં આવે છે. આ રથોની ઉંચાઈ લગભગ ૪૫ ફુટ (૪-૫ માળ) જેટલી હોય છે, પુરીનાં જગન્નાથ મંદિરમાં ભારતીય હિંદુ સિવાય અન્યને પ્રવેશ મળતો નથી, રથયાત્રાને દિવસે નાતજાતનાં ભેદભાવ વગર હર કોઈ દર્શન કરી શકે છે તથા રથ ખેંચી શકે છે, અમદાવાદની રથયાત્રામાં દર વર્ષે ફણગાવેલાં મગ, કાકડી, કેરી અને જાંબુનો પંદરસોથી બે હજાર મણ પ્રસાદ વહેંચવામાં આવે છે, પુરીની રથયાત્રામાં જગન્નાથનાં રથનું નામ નંદીઘોષ છે.

**આલેખન:**
**વિનોદભાઈ માછી નિરંકારી**
**નવીવાડી તા.શહેરા**
**જી.પંચમહાલ**
**મો. ૯૭૨૬૧૬૬૦૭૫**

### સીનિયર સિટીઝન સોસાયટી દ્વારા

# અમરેલીમાં આગામી શનિવારે દ્વિદશાબ્દિ મહોત્સવ યોજાશે

## પુ. સંતશ્રી રતિદાદા આર્શીવચન પાઠવશે

અમરેલી, તા. ૧૫

અમરેલી ખાતે અનેકવિધ પ્રવૃતિઓ કરતા સીનિયર સિટીઝન સોસાયટીની સ્થાપનાને ૨૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય ૧૮ જુલાઈને શનિવારે સવારે ૯:૩૦ કલાકે અજમેરા હાઈસ્કુલ ખાતે દ્વિદશાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ તકે ચલાલા ગાયત્રી સંસ્કારધામનાં પ્રણેતાં પુ.સંત રતિદાદા આર્શીવચન પાઠવશે. આ કાર્યક્રમમાં અનેક વરિષ્ઠ નાગરિકોનુ સન્માન કરવામાં આવશે.

આંખના રોગોરોગ નિષ્ણાંત મોતિયો-વેલ-છારીના ઓપરેશનના નિષ્ણાંત
24x7 Emergency Services
GUVNL
ડો. પુજા ચોટાઈ
(M.S.-Ophthal) ફુલ ટાઈમ
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## ભૂગર્ભ ગટરનાં નબળા બુરાણકામને લીધે મસમોટા ગાબડા પડયા

# વડિયાનાં સુરગપરા તરફ જતો માર્ગ બિસ્માર બન્યો

**સુરગપરા વિસ્તારનાં વરસાદી પાણીનો જ્યાંથી નિકાલ થાય છે ત્યાં મજબુત કામ કરવુ જરૂરી**

**જ્યાંથી ગોઠણડૂબ પાણી પસાર થતું હોય ત્યાં સાદુ બુરાણ ટકી શકે નહી**

**સરકારી ઈજનેર બેદરકારી દાખવશે તો દિનપ્રતિદિન સમસ્યા વધતી જશે**

**પદાધિકારીઓ અને અધિકારીઓ સંકલન કરીને સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ**



વડિયા, તા. ૧૫

વડિયા ગામ બે ભાગમાં વહેંચયેલું છે. સુરગપરા અને કૃષ્ણપરા વડિયાના સુરગપરાનો મુખ્ય રસ્તો એ શિવાજી ચોકથી પેટ્રોલ પંપ થઈને પીજીવીસીએલ તરફ જવાનો છે. આ રસ્તા પર પેટ્રોલ પંપ પછી સમગ્ર સુરગપરાના વરસાદી પાણીનું વહેણ આવેલુ છે. અહીંથી દર ચોમાસાના વરસાદમાં ગોઠણ સમા પાણી વહેતા હોય છે. ત્યારે અહિ કોઈ પણ વિકાસ કાર્ય કરવામાં આવે ત્યારે આ બાબતને પહેલા ધ્યાને રાખીને કરવામાં આવતી હોય છે. થોડા સમય પહેલા અહિ ભૂગર્ભ ગટરનુ જંકશન બનાવવા આવ્યું સાથે સુરગપરા વિસ્તારના ભૂગર્ભ ગટરના પાણીનું જોડાણ આ જંકશનમાં કરવામાં આવ્યુ. ત્યારે અહિ ખોદકામ થયુ અને એ ખોદકામના નબળા બુરાણને કારણે ચોમાસાના પહેલા જ વરસાદમાં ભૂગર્ભ ગટરના જંકશનની બાજુમાં મસમોટા ભુવા પડયા તો ભૂગર્ભ ગટર માટે થયેલા ખોદકામમાં યોગ્ય માટી પુરાણ ના થતા આજે સુરગપરાના પ્રવેશ દ્વારા સમા પેટ્રોલ પંપ અને પોસ્ટ ઓફિસ પાસે મુખ્ય રોડ પર રસ્તામાં મસમોટા ખાડાઓ અને કાંકરા ફરી વળ્યા અને તેને કારણે રોજ અહિ લોકોના બાઈકો સ્લીપ થતા જોવા મળી રહ્યા છે. ત્યારે શું તાલુકાના એન્જીનીયરે આ કામગીરી સમયે એ બાબતનું ધ્યાન જ નહિ આપ્યું હોય કે વરસાદ સમયે અહિ શું સ્થિતિનું નિર્માણ થશે ? ચાર ઈંચ છૂટક છૂટક વરસાદમાં આ સ્થિતિ થઈ છે તો દસ ઈંચ વરસાદમાં અહિ ભૂગર્ભ ગટર જ ધોવાઈ જાય એટલા પાણીનો પ્રવાહ અહીંથી જતો હોય છે. ત્યારે આ બાબતે તાકીદે કાર્યવાહી કરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Namkeen)
• Cashier - 1
• Sales Co - Ordinator - 2
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957 (Jitendra Chavda)
APPLY NOW

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
કોરલ ડો, ફોટોશોપ, પેજમેકર
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરના (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય સાંજે : ૭ થી ૮
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી

ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ — ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે — તા. ૧૬/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. વિરલ વસાણી — ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન — મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત — તા. ૧૬/૦૭/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧
ડો. જય વિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ — હૃદયરોગ નિષ્ણાંત — તા. ૧૭/૦૭/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦
ડો. સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ — ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત — તા. ૧૮/૦૭/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ

॥ હાર્દિક અભિનંદન ॥
ડો. જી.જે. ગજેરા
ગુજરાત પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ
આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ
મજબુતસિંહ બસિયા
સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી
આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ
આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં અધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડીયા દ્વારા ગુજરાતનાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં અધ્યક્ષ તરીકે ડો. જી.જે. ગજેરા અને સૌરાષ્ટ્ર પ્રાંત આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં મંત્રી તરીકે મજબુતસિંહ બસીયાની વરણી થતાં અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.....
ભગવાન શ્રીરામનાં આશીર્વાદથી આપ સમાજસેવા, રાષ્ટ્રસેવા અને હિન્દુ સમાજનાંસંગઠન માટે વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે કાર્ય કરો તથા આ નવી જવાબદારીઓમાં ઉત્તમ સફળતા પ્રાપ્ત કરો એવી હાર્દિક શુભેચ્છાઓ.....
હસમુખભાઈ દુધાત (અધ્યક્ષ)
ભરતભાઈ કાનાણી, બાબુલભાઈ ત્રિવેદી, મોહનભાઈ કાલેણા, ચંદ્રેશભાઈ મહેતા, વિજયભાઈ ગોહિલ, યુવરાજભાઈ વાળા, કાર્તિકભાઈ પંડયા, રાજુભાઈ વિઠલાણી
સંજયભાઈ ગોંડલીયા, કેતનભાઈ વિશાણી, રાહુલભાઈ સરવૈયા, વિજયભાઈ પાથર, જયદિપભાઈ ઉનાગર, પ્રકાશભાઈ નાંઢા, ધર્મેન્દ્રભાઈ કાચા
આશિષભાઈ ગણાત્રા, હરેશભાઈ ખુબચંદાણી, હાર્દિકભાઈ બાવળીયા, શૈલીનભાઈ રાજા, પ્રદિપભાઈ સોલંકી, પીન્ટુભાઈ સરવૈયા, સંજયભાઈ વાળા, ભવદિપભાઈ સાવલીયા
હિન્દુ કેસરી સેના : અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)